RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૬   મંગળવાર તા.૧૮-૦૮-૨૦૨૬   અંક : ૧૯૬ વર્ષ : ૨૧   jamnagar@aaspassaindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# પિકઅપ-ડમ્પરની ટક્કરથી ગ્વાલિયર હાઈ-વે રક્તરંજિત

## ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે-૭૧૯ પર મધ્યરાત્રીએ થયો ગમખ્વાર અકસ્માત, ગાયોને બચાવવા જતાં છીનવાઈ ૮ જિંદગી

ગ્વાલિયર,

મધ્ય પ્રદેશના ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે-૭૧૯ પર સોમવાર અને મંગળવારની મધ્યરાત્રિએ એક અત્યંત કરૂણ અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. છીમકા ગામ નજીક શ્રમિકોથી ભરેલી પિકઅપ ગાડી અને સામેથી આવી રહેલા ઝડપી ડમ્પર વચ્ચે ધડાકાભેર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૮ કમનસીબ શ્રમિકએ સ્થળ પર જ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જ્યારે ૩૨ જેટલા શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થતાં વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ દર્દનાક અકસ્માત રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ બન્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવેલા તથ્યો મુજબ, હાઈવે પર અચાનક રસ્તા વચ્ચે બેઠેલા ગાયોના ટોળાને બચાવવાનો પ્રયાસ કરતી વખતે પિકઅપ ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું અને સામેથી પૂરપાટ ઝડપે આવતા ડમ્પર સાથે ગાડી અથડાઈ પડી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે પિકઅપનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અડધી રાત્રે ચીસિયારોથી આખો હાઈવે ગૂંજી ઊઠ્યો હતો. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તમામ શ્રમિક ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના વતની હતા. તેઓ ડાંગરની રોપણી (ધાન કી રોપાઈ)નું મજૂરી કામ પૂરું કરીને પોતાના વતન અને પરિવાર પાસે પરત ફરી રહ્યા હતા. પરંતુ કાળની ક્રૂરતા સામે તેઓ પોતાના ઘરે પહોંચે તે પહેલા જ આ માર્ગ અકસ્માતે તેમના પરિવારના માળખાં વિખેરી નાખ્યા છે.

ઘટનાની જાણ થતાં જ ગોહદ ચોરાહા થાણા પોલીસ ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી.

સ્થાનિક ગ્રામજનોની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢીને તાત્કાલિક ગોહદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકોને વધુ સારવાર અર્થે ગ્વાલિયર રેફર કરવામાં આવ્યા છે. હાલમાં તમામ ૮ મૃતકોના શબને મોર્ચરીમાં રાખીને તેમની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત ગેસ દ્વારા CNGના ભાવમાં રૂ.૩.૭૫નો વધારો

## આજથી જ નવા ભાવ પ્રતિ કિલો,રૂ. ૮૮.૭૬ અમલી બનાવાયા

અમદાવાદ,

અદાણી ગેસ બાદ હવે ગુજરાત ગેસે પણ ઈંધણના ભાવમાં પ્રતિ કિલો ૩.૭૫ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ ભાવવધારો આજથી જ અમલી બન્યો છે. જૂનો ભાવ ૮૫.૦૧ રૂપિયા હતો, જે હવે વધીને ૮૮.૭૬ રૂપિયા થયો છે. આનાથી ઈંધણ વાહનચાલકો, રિક્ષાચાલકો અને ટેક્સી ચાલકોના બજેટ પર સીધી અસર પડશે. મોંઘવારીમાં ઈંધણ મોંઘું થતાં લોકોમાં અસંતોષ જોવા મળ્યો છે. ગુજરાત ગેસે મોંઘવારી વચ્ચે સીધો પ્રતિ કિલો ૩.૭૫ રૂપિયાનો વધારો ઝીંકી દીધો છે. ભાવવધારા બાદ આજથી જ આ નવા ભાવ અમલી બનાવી દેવામાં આવ્યા છે. ગુજરાત ગેસ દ્વારા કરવામાં આવેલા ૩.૭૫ રૂપિયાના વધારા બાદ સીએનજીના નવા ૮૮.૭૬ રૂપિયા થયો છે. જ્યારે જૂનો ભાવ ૮૫.૦૧ રૂપિયા પ્રતિ કિલો હતો. નોંધનીય છે કે, થોડા સમય પહેલાં અદાણી ગેસ દ્વારા પણ સીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે ગુજરાત ગેસે પણ ભાવ વધારી દેતાં સીએનજી વાહનચાલકો, રિક્ષાચાલકો અને ટેક્સી ચાલકોના બજેટ પર સીધી અસર પડશે.

# ભાવનગરમાં SEBIના દરોડા, રૂ.૧,૫૦૦ કરોડના SMS સ્ટોક ટીપ કૌભાંડમાં હનીફ શેખની શોધખોળ

ભાવનગર,તા.૧૮

ભાવનગરના હનીફ શેખ ઉર્ફે ખાટકીની શોધમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા છેલ્લા ૭ વર્ષમાં સૌથી મોટા "પંપ-એન્ડ-ડમ્પ' થકી રૂપિયા ૧,૫૦૦ કરોડના એસએમએસ સ્ટોક ટીપ કૌભાંડની તપાસ ગુપ્તરાહે ચાલી રહી છે. ત્રણ વર્ષ અગાઉ પણ સેબી દ્વારા અને બાદમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇ.ડી.) દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

ભાવનગરના આતાભાઈ રોડ પર આવેલા ઈવા-૧ કોમ્પલેક્સમાં આવેલી ઈકોનો બ્રોકિંગ પ્રા. લિ.ની ઓફિસ નં.૧૦૫થી ૧૧૨ ખાતે સોમવારે સવારથી જ સેબીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે, એક ટુકડી હનીફ શેખના જૂની અજય ટોકિઝ નજીક આવેલા નિવાસસ્થાને પણ ચકાસણી માટે ગઈ હતી. સોમવારે મોડી રાત સુધી ચાલેલી સેબીની તપાસમાં અધિકારીઓને વાંધાજનક સાહિત્ય મળી આવ્યુ હોવાનું પણ જાણવા મળેલ છે, અને સેબીની કાર્યવાહી મંગળવારે પણ ચાલુ રહેવાની હોવાની સંકેતો સાંપડી રહ્યા છે.

અગાઉ સેબીને તેના ઓનલાઈન ફરિયાદ પ્લેટફોર્મ પર સંખ્યાબંધ રોકાણકારોની ફરિયાદો મળી ત્યારે આ રેકેટ વિશે ચેતવણી આપવામાં આવી હતી. રેગ્યુલેટરની પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું હતું કે કૌભાંડમાં બલ્ક એસએમએસ દ્વારા સ્ટોક ટિપ્સ સામેલ હતી.

# ગુજરાત ભાજપના પ્રભારી તરીકે તરુણ ચુગની નિમણૂક

## યુપીમાં વિનોદ તાવડે અને સહ પ્રભારી તરીકે જગદીશ પટેલને જવાબદારી

નવીદિલ્હી,

ભાજપે સંગઠનમાં મોટા ફેરફારો કર્યા છે. રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીને આજે તા.૧૮ના રોજ ૩ રાજ્યોના નવા પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી છે, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે. ગુજરાતના પ્રભારી તરીકે રાજ્યસભા સાંસદ તરુણ ચુગને જવાબદારી સોંપાઈ છે. ઉત્તર પ્રદેશમાં વિનોદ તાવડે પ્રભારી અને જગદીશ પટેલ સહ-પ્રભારી બન્યા છે, જ્યારે પંજાબમાં ડો. સતીશ પુનિયાને કમાન અપાઈ છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ પોતાના સંગઠનમાં મોટો ફેરફાર કરવાની સાથે જ આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે કમર કસી લીધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની આગેવાનીમાં નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમમાં યુવા અને અનુભવી નેતાઓનો સમન્વય જોવા મળી રહ્યો છે. પાર્ટીએ ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાત જેવા મહત્ત્વના રાજ્યો માટે નવા પ્રભારીઓની નિમણૂક કરી છે.

ભાજપના મજબૂત ગઢ સમાન ગુજરાત રાજયની ચૂંટણીલક્ષી જવાબદારી તરુણ ચુગને સોંપવામાં આવી છે. તરુણ ચુગ રાજ્યસભાના સાંસદ છે અને અગાઉ પણ પાર્ટી સંગઠનમાં ઘણી મહત્ત્વની ભૂમિકાઓ ભજવી ચૂક્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનનું સુકાન તેમના હાથમાં સોંપવું એ પાર્ટીનો મોટો નિર્ણય છે. પાર્ટીએ રાષ્ટ્રીય



મહામંત્રી અને રાજયસભાના સાંસદ વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પ્રભારી બનાવ્યા છે. ઉત્તર પ્રદેશ ભાજપ માટે સૌથી મહત્ત્વના રાજ્યોમાંનું એક છે, તેથી આ જવાબદારી અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# ઝારખંડ સરકારનો નિર્ણય: ૨૦૧૪થી આયોજિત તમામ આઉટસોર્સિંગ પરીક્ષાઓ, પરિણામો રદ

## જેએસએસસી અને સીજીએલ પરીક્ષાઓ રદ કરવાની સાથે ભવિષ્યની પરીક્ષા પ્રણાલિમાં સુધારા માટે સમિતિની રચના કરવામાં આવી

રાંચી,

નીટને લઈને વિદ્યાર્થીઓના આંદોલન સામે જેમ કેન્દ્ર સરકાર ઝૂકી તે જ રીતે ઝારખંડમાં હેમંત સોરેન સરકાર પણ વિદ્યાર્થીઓના આંદોલન આગળ ઝૂકી હતી અને આઉટસોર્સિંગ એજન્સી ટીએસઆર ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ (ટીડીપીએલ) દ્વારા કરાવવામાં આવેલી પરીક્ષાઓ, જારી કરાયેલા પરિણામ અને પસંદ થયેલા અરજદારો સાથે જોડાયેલી આખી પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય લીધો છે.

હેમંત સોરેન સરકારના પરીક્ષા રદ કરવાના આ નિર્ણયમાં જેએસએસસી અને સીજીએલ પરીક્ષાનો પણ સમાવેશ થાય છે.



મુખ્યમંત્રી હેમંત સોરેને જણાવ્યું હતું કે ટીડીપીએલ દ્વારા ૨૦૧૪થી આયોજિત બધી જ પરીક્ષાઓ અને પ્રકાશિત પરિણામો રદ કરવામાં આવે છે .સરકારના આ નિર્ણય પછી ભરતી પરીક્ષાઓ સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. કેબિનેટની ખાસ બેઠક પછી મુખ્યમંત્રી હેમંત સોરેને જણાવ્યું હતું કે સરકારે સમગ્ર મામલાના બધા પાસાઓ પર વિચાર કર્યા પછી આ નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યું હતું કે આ વિવાદનો અંત લાવવા માટે અમે આ ખાસ બેઠક કરી હતી. આ વિશેષ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયના પગલે ટીડીપીએલના માધ્યમથી આયોજિત પરીક્ષાઓ, તેના પરિણામ અને પસંદગીની પ્રક્રિયા રોકાઈ ગઈ છે. સરકારના આ પગલાંન ભરતી પરીક્ષામાં પારદર્શકતાની માંગ કરતાં અરજદારોના આંદોલન માટે મહત્ત્વનો નિર્ણય માનવામાં આવે છે. હેમંત સોરોને કેબિનેટના અન્ય નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે કેબિનેટે જેએસએસસી-સીજીએલને પણ રદ કરવાનો નિર્ણય લીધો. આ પરીક્ષાઓને લઈને અરજદારોમાં લાંબા સમયથી નારાજગી હતી. પરીક્ષા અને ભરતી પ્રક્રિયાને લઈને ઉઠી રહેલા સવાલો વચ્ચે સરકારના આ નિર્ણય પછી આંદોલન કરતાં અરજદાર વિદ્યાર્થીઓમાં આનંદ છવાઈ ગયો હતો. જેપીએસસી-જેએસએસસીના બધા અરજદાર ભાવુક દેખાયા. તેમણે આ નિર્ણયને તેમના આંદોલનનો વિજય ગણાવ્યો હતો. સીએમ હેમંત સોરોને સ્પષ્ટ કર્યુ હતુ કે તપાસનું કાર્યક્ષેત્ર ફક્ત તાજેતરની પરીક્ષાઓ સુધી જ સીમિત નહી હોય. તેમણે જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૧૪થી થયેલી બધી નાની મોટી ભૂલો અને અનિયમિતતાની તપાસ થશે.

# ભારતની ચૂંટણી સિસ્ટમથી ટ્રમ્પ પ્રભાવિત

## અમેરિકામાં પણ ભારતીય મોડલ અપનાવી, વોટર ID કાર્ડ ફરજિયાત બનાવવાની હિમાયત કરી, 'સેવ અમેરિકા એક્ટ' પસાર સૂચન,ફક્ત US નાગરિકો જ મતદાન કરી શકે

વોશિંગટન,

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચૂંટણી પ્રણાલીના ભરપૂર વખાણ કર્યા છે. તેમણે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરી જણાવ્યું કે, ભારતમાં ૬૪.૬ કરોડ મતદારોએ ૧%થી ઓછા પોસ્ટલ વોટ સાથે મતદાન કર્યું. ટ્રમ્પે અમેરિકામાં પણ ભારતીય મોડલ અપનાવી, વોટર ID કાર્ડ ફરજિયાત બનાવવાની હિમાયત કરી છે. તેમણે 'સેવ અમેરિકા એક્ટ' પસાર કરવા કોંગ્રેસને વિનંતી કરી, જેથી ફક્ત US નાગરિકો જ મતદાન કરી શકે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચૂંટણી પ્રણાલી અને વોટિંગ પ્રક્રિયાના વખાણ કર્યા છે. આ ઉપરાંત તેમણે અમેરિકામાં પારદર્શી અને સલામત ચૂંટણીઓ યોજવા માટે ભારતીય મોડલમાંથી પ્રેરણા લઈ દેશમાં 'વોટર આઈડી કાર્ડ' ફરજિયાત બનાવવાની જોરદાર હિમાયત કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ભારતમાં વિશાળ વસ્તી અને ભૌગોલિક વિવિધતા હોવા છતાં અત્યંત વ્યવસ્થિત રીતે સુચારુ અને પારદર્શી ચૂંટણીઓનું આયોજન કરવામાં આવે છે.ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમારા વહીવટને પૂછ્યું, તમે માન્ય ફોટો ID વિના અમેરિકામાં ચૂંટણી કેવી રીતે કરાવી શકો છો? ભારતમાં છેલ્લી ચૂંટણીમાં ૬૪.૬ કરોડ મતદારો હતા, જેમાં એક ટકાથી ઓછા લોકોએ પોસ્ટ દ્વારા મતદાન કર્યું હતું અને દરેક મતદાર પાસે માન્ય ફોટો ઓળખ દસ્તાવેજ હોવો જરૂરી હતો.' અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસને 'સેવ અમેરિકા બીલ' ઝડપથી પસાર કરવા વિનંતી કરી, જે યુએસ ફેડરલ ચૂંટણીઓમાં નાગરિકતા અને માન્ય ઓળખના પુરાવાને ફરજિયાત બનાવવાનો પ્રયાસ કરે છે, જેથી ફક્ત યુએસ નાગરિકો જ મતદાન કરી શકે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન બાદ અમેરિકાના રાજકીય વર્તુળોમાં નવેસરથી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

# શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટને યુપી સરકારે સોંપ્યો SITનો ફાઈનલ રિપોર્ટ

## રામ મંદિર ટ્રસ્ટની વિનંતી પર ઉત્તર પ્રદેશની યોગી સરકારે ૧૩ જૂને ત્રણ સભ્યોની SITની રચના કરી હતી

અયોધ્યા,

અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરના ચઢાવામાં કથિત ચોરી સાથે જોડાયેલા મામલામાં ઉત્તર પ્રદેશ સરકારે પ્રથમ વિશેષ તપાસ ટીમ (SIT)નો અંતિમ રિપોર્ટ શ્રીરામ જન્મભૂમિ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપી દીધો છે.

આ એ જ તપાસ રિપોર્ટ છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર નવી જીૈંની રચના થાય તે પહેલાં તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે સોમવારે આ અંગે માહિતી આપી હતી. પ્રથમ SITએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં જે મુદ્દાઓ અને ભલામણોનો ઉલ્લેખ કર્યો હતો, તેના આધારે જ આ કેસમાં FIR સહિત આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ચઢાવાની કથિત ચોરીનો મામલો ચર્ચામાં આવ્યા બાદ રામ મંદિર ટ્રસ્ટની વિનંતી પર ઉત્તર પ્રદેશની યોગી સરકારે ૧૩ જૂને લખનૌના મંડલાયુક્ત વિજય વિશ્વાસ પંતની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની SITની રચના કરી હતી. આ SITમાં લખનૌ રેન્જના IG કિરણ એસ અને વિશેષ સચિવ નીલ રતન કુમારને સભ્ય બનાવવામાં આવ્યા હતા. ૧૫ દિવસની સમયમર્યાદા બાદ SITએ ૨૩ જૂને અપર મુખ્ય સચિવ ગૃહ સંજય પ્રસાદને પોતાનો પ્રારંભિક અહેવાલ સોંપ્યો હતો. SITની તપાસ દરમિયાન ૨૫ જૂને શ્રીરામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી હતી.

### SIT રિપોર્ટમાં ચંપત રાય અને અનિલ મિશ્રાને ક્લીનચીટ

અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરી વિવાદ વચ્ચે, ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયને ક્લીન ચીટ આપવામાં આવી છે. ચંપત રાયની સાથે ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાને પણ ક્લીન ચીટ આપવામાં આવી છે. આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ પોતાનો અંતિમ રિપોર્ટ સરકારને સુપરત કર્યો છે અને આગળની કાર્યવાહી માટે તેને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપવામાં આવ્યો છે.જોકે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા તપાસ હજુ પણ ચાલુ છે.

# ડૉન દાઉદ ઈબ્રાહિમનો ભૂતપૂર્વ સાગરીત અખ્તર મર્ચન્ટ દિલ્હી ઍરપોર્ટથી પકડાયો

## દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર કરી ૨૨ ઑગસ્ટ સુધીના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવાયા

મુંબઈ,

મુંબઈના મીરા રોડમાં ઈન્ટરનૅશનલ બૅકિંગ કંપનીની કેક શૉપમાં ગોળીબારનો પ્રયાસ અને ખંડણીના કેસમાં ફરાર અન્ડરવર્લ્ડના ડૉન દાઉદ ઈબ્રાહિમનો કથિત ભૂતપૂર્વ સાગરીત અખ્તર મર્ચન્ટ ત્રણ વર્ષ બાદ દિલ્હી ઍરપોર્ટ પર ઝડપાઈ ગયો હતો. નાલાસોપારાનો રહેવાસી અખ્તર કાસમઅલી મર્ચન્ટ (૬૦) વિદેશ ભાગી ગયો હોવાની જાણકારીને આધારે તેની વિરુદ્ધ ઈન્ટરપોલ મારફત રેડ કૉર્નર નોટિસ ઈશ્યુ કરાઈ હતી.એ સિવાય તેની સામે બિનજામીનપાત્ર વૉરન્ટ પણ જારી કરાયું હતું.

મર્ચન્ટ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર આવવાનો હોવાની માહિતી મળતી હતી. માહિતીને આધારે પોલીસે ઈમિગ્રેશન અધિકારીને જાણ કરી હતી. સોમવારે બપોરે ઍરપોર્ટ પહોંચેલા મર્ચન્ટને તાબામાં લેવાયો હતો. સાંજે નવી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર કરી ૨૨ ઑગસ્ટ સુધીના તેના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવાયા હતા. તેને આજે મંગળવારે મીરા રોડમાં લાવવામાં આવશે, એમ ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ જણાવ્યું હતું. મીરા રોડના કાશીમીરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગોળીબારના પ્રયાસ અને ખંડણીના ગુનામાં મર્ચન્ટ ફરાર હતો. એક સમયે દાઉદ ગૅન્ગ સાથે સંકળાયેલા મર્ચન્ટે તેના સાથી નિસાર અહમદ શેખ ઉર્ફે પપ્પુ પેજર સાથે મળીને બાબુ તરીકે ઓળખાતા ગુટકાના વ્યાવસાયિકને ખંડણી માટે ધમકી આપી હતી. બાબુ ખંડણીની રકમ આપવા તૈયાર ન થતાં ગોળીબારનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

કહેવાય છે કે કાશીમીરા નાકા પાસેની ઈન્ટરનૅશનલ બૅકિંગ કંપનીની કેક શૉપ ખાતે બાબુ આવવાનો હોવાની માહિતી હતી. ૧૩ ઑક્ટોબર, ૨૦૨૩ની સવારે ૧૦ વાગ્યાની આસપાસ બાઈકસવાર હુમલાખોર હેલ્મેટ પહેરીને કેક શૉપના કાઉન્ટર પાસે પહોંચ્યો હતો. ત્યાં હાજર કર્મચારી સામે પિસ્તોલ ધરીને તેણે ગોળીબારનો પ્રયાસ કર્યો હતો. જોકે પિસ્તોલ જામ થઈ જતાં ફાયર થયું નહોતું. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. તપાસ દરમિયાન ગોળીબારનું કામ અકબર શેખને સોંપાયું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું.

# ધ્રોલ પંથકના ચાર દાયકા પુરાણુ પ્રાચીન સોયલેશ્વર મહાદેવ મંદિરે ભક્તોની ભીડ

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા અંતર્ગત જામનગર-ધ્રોલ હાઈવે પર ટોલનાકા નજીક આવેલા સોયલ ગામે બિરાજમાન 'શ્રી સ્વયંભૂ સોયલેશ્વર મહાદેવ' મંદિર સમગ્ર પંથકમાં ભક્તોની અટૂટ આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આશરે ૪ સદી પુરાણા આ પાવન ધામનો ભવ્ય ઈતિહાસ જોડાયેલો છે. અધિકૃત ઐતિહાસિક નોંધ મુજબ આ



પ્રાચીન તીર્થધામનું પ્રાગટ્ય સંવત ૧૭૮૧ના વૈશાખ સુદ ૬ના રોજ થયું હતું.

અહીં ભોળાનાથ સ્વયંભૂ શિવલિંગ સ્વરૂપે સાક્ષાત બિરાજમાન છે, જે સરખેજીયા ભટ્ટ પરિવારના ઈષ્ટદેવ તરીકે પૂજાય છે અને તેમની પેઢીઓ વર્ષોથી આ સ્થાનકની સેવા-અર્ચના કરી રહી છે.

આ પ્રાચીન તીર્થધામમાં મંદિર ટ્રસ્ટ દ્વારા સદીઓ પુરાણી ધાર્મિક મર્યાદાઓ અને શિસ્તનું આજે પણ અત્યંત ચુસ્તપણે પાલન કરાવવામાં આવે છે.

પરંપરા મુજબ નિજ મંદિરમાં સ્ત્રીઓનો પ્રવેશ વર્જિત રાખવામાં આવ્યો છે, જ્યારે પુરુષ ભક્તો માટે ગર્ભગૃહમાં પૂજા-અર્ચના અર્થે માત્ર પરંપરાગત ધોતિયું પહેરીને જ પ્રવેશ કરવાનો કડક નિયમ અમલમાં છે.

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરે દર્શનાર્થીઓનો ભારે ધસારો જોવા મળે છે. શ્રાવણના વિશેષ દિવસોમાં અહીં ભજન, કીર્તન, રુદ્રાભિષેક સહિતના વિવિધ ધાર્મિક ઉત્સવોનું ભવ્ય આયોજન થાય છે, જેમાં સોયલ સહિત આસપાસના ગ્રામજનો ઉત્સાહભેર સહકાર આપી સેવા પ્રદાન કરે છે. હાઈવે પરથી પસાર થતા મુસાફરો પણ અહીં શીશ નમાવી ધન્યતા અનુભવી રહ્યા છે.

# જામનગરના શ્રાવણી મેળાના બાકી પ્લોટની આવતીકાલે ફરી જાહેર હરાજી કરાશે

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે તા. ૧ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન શ્રાવણી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

મેળાના આયોજન અંતર્ગત અગાઉ બંધ કવર તથા ઓનલાઈન ટેન્ડર મારફતે વિવિધ પ્લોટ માટે ભાવ મંગાવવામાં આવ્યા હતા. જેમાં કેટલાક પ્લોટ માટે સિંગલ ટેન્ડર મળ્યા હોવાનું તેમજ કેટલાક પ્લોટ માટે કોઈ ભાવ ન મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત જે પ્લોટ માટે એકથી વધુ ટેન્ડર આવેલ હોય, પરંતુ કોઈ ટેન્ડર ટેકનિકલી ડીસ્કોલીફાઈ થવાથી સિંગલ ટેન્ડર થતા હોય તેની પણ જાહેર હરાજી થશે.

મેળાના રાઈડ સંચાલકો તેમજ અન્ય ધંધાર્થીઓને બાકી રહેલા પ્લોટની ફાળવણી ઝડપથી થઈ શકે અને તેઓ પોતાના વ્યવસાયનું આયોજન સમયસર કરી શકે તે હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા હવે બાકી રહેલા પ્લોટની જાહેર હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરાત મુજબ મશીન મનોરંજન, ચિલ્ડ્રન રાઈડ્સ, ખાણી-પીણીના સ્ટોલ, પોપકોર્ન સહિતના બાકી રહેલા પ્લોટ માટે જાહેર હરાજી યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક રાઈડ સંચાલકો તથા મેળાના અન્ય ધંધાર્થીઓ મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાનો સંપર્ક કરી શકે છે.

દરેક પ્લોટની અપસેટ પ્રાઈઝ, હરાજીની સામાન્ય શરતો તેમજ અન્ય જરૂરી વિગતો માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખામાં ઓફિસ સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

મહાનગરપાલિકા દ્વારા હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્લોટ ફાળવણીની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવશે, જેથી મેળાના ધંધાર્થીઓને પોતાના રાઈડ તથા સ્ટોલની તૈયારીઓ માટે પૂરતો સમય મળી રહે.

મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર ભાવેશ જાની, અને મુકેશ વરણવા તથા એસ્ટેટ શાખાની ટીમ દ્વારા મેળાની પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા માટે આ હરાજીનું આયોજન કરવામાં આવ્યું છે.

# કાલાવડ તાલુકામાં યોજાયેલ ભવ્ય તિરંગા યાત્રામાં સર્જાયો દેશભક્તિનો માહોલ





જામનગર : ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ભાવનાને ઉજાગર કરવા જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ભવ્ય "તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાના પ્રારંભે કાલાવડના શહીદ વીર હિતેન ઠેશિયાના માતૃ તેમજ ભારતીય સેનાના નિવૃત્ત જવાનોનું સન્માન કરી તેમના દેશપ્રત્યેના યોગદાનને વંદન કરવામાં આવ્યું હતું.

તિરંગા યાત્રાનો પ્રારંભ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા (મ્યુનિસિપલ હાઈસ્કૂલ પાસે, કાલાવડ) ખાતેથી થયો હતો. યાત્રા લીમડા ચોક, મેઈન બજાર, મુળીલા નાકા, સિનેમા રોડ, જૂની ગ્રેઈન માર્કેટ અને ધોરાજી રોડ માર્ગે પસાર થઈ સરદાર વલ્લભભાઈ પટેલજીની પ્રતિમા ખાતે પૂર્ણ થઈ હતી. આશરે ૨ કિલોમીટર લાંબા રૂટ પર યોજાયેલી યાત્રામાં દેશભક્તિના નારા અને રાષ્ટ્રધ્વજ સાથે નાગરિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. અંદાજીત ૩,૫૦૦થી વધુ લોકોએ તિરંગા યાત્રામાં ભાગ લઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાનો સંદેશ પ્રસરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, ડો.વિનોદભાઈ ભંડેરી, કાલાવડ નગરપાલિકાના પ્રમુખ રંજનબેન રાખોલીયા, મામલતદાર બી.કે. ચોવટિયા, તાલુકા વિકાસ અધિકારી આર.આર. પટેલ, ચીફ ઓફિસર એન.ડી. વોરા, પદાધિકારીઓ અને અધિકારીઓ, પોલીસ તથા હોમગાર્ડના જવાનો, વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો, કાલાવડની વિવિધ શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ-શિક્ષકો તેમજ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

# જામનગર એસ.ટી. વિભાગ દ્વારા એપ્રેન્ટિસ ભરતીનું આયોજન

જામનગર : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર વિભાગની એપ્રેન્ટિસની મંજૂરી માટે જામનગર વિભાગ હેઠળના વિભાગીય કચેરી, વિભાગીય યંત્રાલય, વિભાગીય સ્ટોર્સ જામનગર અને જામનગર,જામજોધપુર, ખંભાળિયા, દ્વારકા, ધ્રોલ ડેપો ખાતે એપ્રેન્ટિસ એક્ટ-૧૯૬૧ હેઠળ ઓગસ્ટ-ઓક્ટોબર ૨૦૨૬ ના સત્ર માટે વિવિધ ટ્રેડમાં એપ્રેન્ટિસ ભરતી હાથ ધરવામાં આવી છે.

આ ભરતી અંતર્ગત એપ્રેન્ટિસ ફિટર, ટર્નર, ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, મોટર મિકેનિક, ડીઝલ મિકેનિક (ધોરણ-૧૦ પાસ) તેમજ કોપા (ધોરણ-૧૨ પાસ) હેઠળના આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઈચ્છુક ઉમેદવારોએ ક્રૅીહૈંષ્ઠીજરૈંહ્વૈંક.ર્ખ્તદ્બ.ૈહ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી (આધારકાર્ડ ફરજિયાત વેરિફાઈડ કરવું, એસબીઆઇ બેંક એકાઉન્ટ ઉમેરવું) ૧૦૦% પ્રોફાઈલ પૂર્ણ કરવાની રહેશે.

તેમજ તેની હાર્ડ કોપી મેળવી ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, એલ.સી., આધારકાર્ડ, જાતિના દાખલા સહિતના જરૂરી દસ્તાવેજોની નકલો સાથે તા.૧૪/૯ સુધી અરજીપત્રક મેળવી લેવાનું રહેશે. ભરેલ અરજીપત્રક તમામ અસલ માર્કશીટ અને પ્રમાણપત્રો સાથે તા. ૧૬/૯ સુધીમાં રૂબરૂમાં ચકાસણી કરાવી અરજીપત્રકો જમા કરાવવામાં રહેશે.

આ અંગે વધુ માહિતી માટે ઉમેદવારો મહેકમ શાખા, વિભાગીય નિયામકની કચેરી, જામનગર વિભાગ, કાલાવડ નાકા બહાર, જામનગરનો રૂબરૂ સંપર્ક કરી શકશે. તેમ વિભાગીય નિયામક, એસ.ટી.જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધ્રોલમાં આહિરસેનાના નવા હોદ્દેદારોની વરણી

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલના ખારવા રોડ પર આવેલા આહિર સમાજ ખાતે શનિવારે 'આહિર સેના ગુજરાત'ના નવા હોદ્દેદારોની વરણી કરવા માટે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા આહિર સેના ગુજરાતના પ્રમુખ અને સમાજના આગેવાન ગીરીશભાઈ ડેર તથા રામભાઈ ગોજીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં સંગઠનને તાલુકા તેમજ જિલ્લા સ્તરે વધુ મજબૂત અને સક્રિય બનાવવાની દિશામાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠક દરમિયાન જામનગર જિલ્લા પ્રમુખ ગીરીશભાઈ ડેર અને રામભાઈ ગોજીયાની સન્માનજનક ઉપસ્થિતિમાં આહિર સેના ગુજરાત (ધ્રોલ) તેમજ જામનગર જિલ્લા





કક્ષાના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધ્રોલ તાલુકા પ્રમુખ તરીકે નરેશભાઈ ડાંગર (ભગતભાઈ) અને ઉપ પ્રમુખ તરીકે મુકેશભાઈ જીલરીયાની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય પાંચ ઉપ પ્રમુખ અને મંત્રીઓની પણ વિવિધ જવાબદારીઓ સાથે નિમણૂક કરવામાં આવી છે.

તાલુકા કક્ષાની વરણી સાથે જ જામનગર જિલ્લા કક્ષાએ પણ મહત્વના હોદ્દાઓની જાહેરાત કરાઈ હતી, જેમાં જામનગર જિલ્લા ઉપ પ્રમુખ તરીકે રાજુભાઈ મકવાણા, હરસુખભાઈ શિયાર અને નરસંગભાઈ ઝાટીયાની નિમણૂક કરવામાં આવી છે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ આગેવાનો અને સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા તમામ નવનિયુક્ત હોદ્દેદારોને ફૂલહાર પહેરાવીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને રોલ્સ-રોયસ દ્વારા એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોગ્રામ માટે

# ભારતના સ્વદેશી યુદ્ધ એન્જિનના વિકાસ-ભાગીદારી માટે જાહેરાત

લંડન/ મુંબઈ : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (રિલાયન્સ) અને રોલ્સ-રોયસે (LSE: RR., ADR: RYCEY) ભારતના એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોગ્રામ માટે સાર્વભૌમ સ્વદેશી યુદ્ધ એન્જિનની ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને ડિલિવરી માટે ભાગીદારી સાધવા અને ક્ષમતાઓ પ્રદાન કરવાના પોતાના વ્યૂહાત્મક ઈરાદાની જાહેરાત કરી છે. આ ભાગીદારીના ભાગરૂપે, રિલાયન્સ અને રોલ્સ-રોયસ એક સમર્પિત એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સની રચનાની તકો શોધશે જે ભારતમાં પાવર અને પ્રોપલ્શન ટેક્નોલોજી માટે ઉત્કૃષ્ટતાનું કેન્દ્ર બનશે.

આ ભાગીદારી વિશ્વની અગ્રણી ટેક્નોલોજી અને ઔદ્યોગિક અમલીકરણ ક્ષમતાઓને એક મંચ પર લાવીને ભારતમાં AMCA એન્જિનના સંયુક્ત વિકાસ માટે એક આકર્ષક તક પૂરી પાડશે. ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના ફાઈટર જેટ પ્રોગ્રામને વેગવાન બનાવવા સ્વદેશી એન્જિન પૂરું પાડવાની રક્ષણાત્મક ઈકોસિસ્ટમ માટે નક્કી કરાયેલા વિઝનને સાકાર કરવાની દિશામાં આ મોટું કદમ છે.

અનંત અંબાણી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનું નિવેદન: "ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે અત્યાધુનિક ટેક્નોલોજીઓમાં સાર્વભૌમ ક્ષમતા અનિવાર્ય છે. અમારો ઈરાદો રોલ્સ-રોયસ સાથે મળીને અદ્યતન પ્રોપલ્શનમાં તેમની વિશ્વ-અગ્રણી કુશળતાને ભારતમાં સ્વદેશી એરો-એન્જિન ઈકોસિસ્ટમ બનાવવા માટે રિલાયન્સની ટેક્નોલોજી, ઉત્પાદન, સ્કેલ અને અમલીકરણ ક્ષમતાઓ સાથે જોડવાનો છે. અમારો હેતુ સાથે મળીને એક એવી સ્થાયી રાષ્ટ્રીય ક્ષમતા વિકસાવવાનો છે જે ભારતને આત્મનિર્ભર બનાવી શકે અને સમય જતાં, અદ્યતન પ્રોપલ્શન ટેક્નોલોજીમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવી શકે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર વિકસિત ભારત'ના વિઝનમાં અમારું આ યોગદાન છે."

તુફાન એર્ગિનબિલિચ, સીઈઓ, રોલ્સ-રોયસ પીએલસીનું નિવેદન: "હું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે હાથ મિલાવવા સાંપડેલી આ તકનું સ્વાગત કરું છું, જે અદ્યતન એન્જિનિયરિંગમાં અમારી એક સદીની વારસાગત અને પૂરવાર થયેલા એન્જિન કૌશલ્યને ભારતીય ઉદ્યોગમાં તેમના સ્વદેશી નેતૃત્વ સાથે જોડે છે. ભારતમાં અમારી અસ્તિત્વ ધરાવતી ભાગીદારી અને ક્ષમતાઓ સાથે મળીને, આ દેશમાં એક મજબૂત, આત્મનિર્ભર એરોસ્પેસ ઈકોસિસ્ટમ બનાવવા તરફ એક મોટો સીમાચિહ્ન સાબિત થાય છે."

એન્જિન નિર્માણમાં રોલ્સ-રોયસના વૈશ્વિક નેતૃત્વને રિલાયન્સની સ્થાપિત ઔદ્યોગિક તાકાત સાથે જોડીને, એરો ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન, પરીક્ષણ, પ્રોડક્શન અને જીવનપર્યંત સમર્થન (થ્રુ-લાઈફ સપોર્ટ) સમગ્ર પ્રક્રિયામાં સાર્વભૌમ, એન્ડ-ટુ-એન્ડ ભારતીય ક્ષમતાનું નિર્માણ કરશે. આ સંરક્ષણ, નાગરિક એરોસ્પેસ અને નવા પાવર અને પ્રોપલ્શન સિસ્ટમ્સમાં વ્યાપક સહયોગને શોધવાની તકોનું પણ નિર્માણ કરે છે. આ જોડાણ ટેક્નોલોજીના સ્વદેશીકરણ માટે ભારતના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને ટેકો આપશે અને દેશને અદ્યતન પ્રોપલ્શન ક્ષમતાઓમાં વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે.

# લાલપુર તાલુકામાં તિરંગા યાત્રામાં લહેરાયો વિશાળ તિરંગો

જામનગર : હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તિરંગા યાત્રાનો પ્રારંભ વીર સાવરકર હાઈસ્કૂલ ખાતેથી કરવામાં આવ્યો હતો. યાત્રા સરદાર ચોક, મણીબજાર, હુસેની ચોક, રામ મંદિર શેરી, પોસ્ટ ઓફિસ શેરી, આંબેડકર ચોક અને રિવરફ્રન્ટ માર્ગે પસાર થઈ પૂર્ણ થઈ હતી.

રાષ્ટ્રપ્રેમના ઉમંગ વચ્ચે યોજાયેલી આ તિરંગા યાત્રામાં સમગ્ર માર્ગ પર દેશભક્તિના ગીતો, ભારત માતા કી જય અને વંદે માતરમના નારાઓથી વાતાવરણ દેશપ્રેમમય બની ગયું હતું. યાત્રા દરમિયાન તિરંગો હાથમાં લઈને નાગરિકોએ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની અડગ શ્રદ્ધા અને સમર્પણની ભાવના વ્યક્ત કરી હતી. યાત્રામાં વિશાળ તિરંગો








લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. વિવિધ સ્થળોએ સ્થાનિક નાગરિકો દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય માર્ગો તિરંગાના રંગોથી શોભી ઉઠ્યા હતા અને લોકોમાં રાષ્ટ્રપ્રેમનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ તિરંગા યાત્રામાં પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, અગ્રણીઓ બ્રિજરાજસિંહ જાડેજા, ચંદ્રેશ પટેલ, અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, હોમગાર્ડ્સ, એનસીસી કેડેટ્સ, આગેવાનો, તથા વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મનના બંધનોમાંથી આઝાદી જ વાસ્તવિક મુક્તિ : નિરંકારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ








જામનગર : સમગ્ર ભારતવર્ષ જ્યાં સ્વતંત્રતા દિવસને રાષ્ટ્રભક્તિ, ગૌરવ અને ઉલ્લાસ સાથે ઊજવી રહ્યું હતું, ત્યાં સંત નિરંકારી મિશને આ ઐતિહાસિક અવસરે બ્રહ્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત આંતરિક સ્વતંત્રતાના દિવ્ય સંદેશને પણ જન-જન સુધી પહોંચાડ્યો. આ પર્વ એ સત્યને સાકાર કરે છે કે વાસ્તવિક મુક્તિ બાહ્ય બંધનોમાંથી નહીં, પરંતુ અજ્ઞાન, અહંકાર અને ભેદભાવથી મુક્ત થઈને આત્મબોધ અને પરમાત્મબોધની અનુભૂતિમાં નિહિત છે.

મુક્તિ પર્વનો આ પાવન અવસર પરમ શ્રદ્ધેય સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીના પાવન સાન્નિધ્યમાં દિલ્હી સ્થિત નિરંકારી સરોવર સમક્ષ, ગ્રાઉન્ડ નં. ૨, નિરંકારી ચોક, બુરાડી રોડ પર શ્રદ્ધા, ભક્તિ અને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં આયોજિત થયો. જેના ભાગરૂપે વિશ્વભરની સાથે જામનગરમાં પણ પટેલ કોલોની સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનમાં ૧૫ ઑગસ્ટના રોજ સાંજે ૬ થી ૮ સુધી ચંદીગઢથી પધારેલ ગ્યાનપ્રચરક શ્રી પવન બત્રાજીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ આયોજનમાં શ્રદ્ધાળુઓને સંબોધિત કરતાં સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજે જણાવ્યું હતું કે સાચી મુક્તિ બાહ્ય બંધનોમાંથી નહીં, પરંતુ નફરત, અહંકાર, નાની વિચારધારા અને પૂર્વગ્રહોમાંથી મુક્ત થવામાં છે. દરેક શ્વાસમાં નિરાકારનો અહેસાસ રાખીને પ્રેમ, ભક્તિ અને સ્વીકાર્યતા સાથે જીવવું જ જીવતાં-જીવતાં મુક્તિ છે.

સતગુરુ માતા જીએ માતા સવિંદરજીના જીવનથી પ્રેરણા આપતાં લાઈટ હાઉસનું ઉદાહરણ આપ્યું કે પરિસ્થિતિઓ ગમે તેવી હોય, અંદરની શાંતિ, પ્રેમ અને સકારાત્મકતાની રોશની સદૈવ કાયમ રાખો. સંતોની શિક્ષાઓને માત્ર સાંભળવી નહીં, પરંતુ વિચાર, કર્મ અને જીવનમાં ઉતારવી જ વાસ્તવિક સાધના અને મુક્તિનો માર્ગ છે.

આ પાવન અવસરે શ્રદ્ધાળુ ભક્તોએ તે મહાન સંત વિભૂતિઓને શ્રદ્ધાપૂર્વક નમન કરીને શ્રદ્ધા-સુમન અર્પિત કર્યા, જેમના ત્યાગ અને સમર્પણે માનવતાને મુક્તિમાર્ગ તરફ અગ્રસર કરી. સાથે જ વિશ્વભરમાં મિશનની વિવિધ શાખાઓમાં પણ 'મુક્તિ પર્વ'ના અવસરે વિશેષ સત્સંગનું આયોજન કરીને આ મહાન સંત વિભૂતિઓને શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે 'મુક્તિ પર્વ'નો આરંભ વર્ષ ૧૯૬૪માં જગત માતા બુદ્ધવંતી જીની પાવન સ્મૃતિમાં થયો. વર્ષ ૧૯૬૯માં શહનશાહ બાબા અવતાર સિંહ જીના બ્રહ્મલીન થયા પછી આ દિવસ 'શહનશાહ-જગતમાતા દિવસ' તરીકે શ્રદ્ધાપૂર્વક આયોજિત થવા લાગ્યો. વર્ષ ૧૯૭૯માં સંત નિરંકારી મંડળના પ્રથમ પ્રધાન સંત લાભ સિંહ જીની સ્મૃતિને પણ આ દિવસ સાથે જોડીને બાબા ગુરબચન સિંહ જીએ તેને 'મુક્તિ પર્વ' તરીકે સ્થાપિત કર્યું. આ અવસરે નિરંકારી રાજમાતાજીના ભક્તિમય જીવન તથા તેમના દ્વારા આપવામાં આવેલી અનમોલ શિક્ષાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો.

વર્ષ ૨૦૧૮થી યુગનિર્માતા માતા સવિંદર જીને પણ આ પાવન અવસરે શ્રદ્ધાપૂર્વક નમન કરવામાં આવે છે, જેમનું વાત્સલ્ય, વિનમ્રતા, ત્યાગ અને નિષ્કામ સેવાથી પરિપૂર્ણ જીવન સદૈવ શ્રદ્ધાળુ ભક્તો માટે પ્રેરણા, માર્ગદર્શન અને આધ્યાત્મિક ઊર્જાનો સ્ત્રોત બની રહેશે.

નિ:સંદેહ મુક્તિ પર્વનો મૂળ ભાવ એ જ છે કે જેમ ભૌતિક સ્વતંત્રતા રાષ્ટ્રની પ્રગતિ અને ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત કરે છે, તેમ બ્રહ્મજ્ઞાનની દિવ્ય જ્યોતિ માનવને પોતાની વાસ્તવિક ઓળખનો બોધ કરાવીને પ્રેમ અને સદભાવ ના પાવન માર્ગ પર અગ્રસર થવાની પ્રેરણા પ્રદાન કરે છે.

# જામનગર આઈટીઆઈ ખાતે ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા લંબાવાઈ

જામનગર : રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જામનગર ખાતે ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે વિવિધ વ્યવસાયિક ટ્રેડમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો માટે ત્રીજા તબક્કાની પ્રવેશ કામગીરી પૂર્ણ થયા બાદ, આઈ.ટી.આઈ. – જામનગરમાં મિકેનિકલ ગ્રૂપના વિવિધ ટ્રેડ જેવા કે મશીનિસ્ટ, ડ્રાફ્ટમેન મિકેનિકલ, ટર્નર, વેલ્ડર વગેરેમાં ખાલી બેઠકો ભરવા માટે ચોથા રાઉન્ડ અંતર્ગત ફોર્મ ભરવાની છેલ્લી તારીખ લંબાવીને તા. ૨૧/૮ કરવામાં આવી છે. આ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે 'વહેલા તે પહેલા' ના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ ઉમેદવારોના યોગ્ય માર્ગદર્શન અને સુવિધા માટે આઈ.ટી.આઈ.-જામનગર સંસ્થા ખાતે ખાસ વિનામૂલ્યે હેલ્પ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ હેલ્પ સેન્ટર ખાતેથી ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાની સાથે ઓનલાઈન ફોર્મ પણ વિનામૂલ્યે ભરી આપવામાં આવી રહ્યા છે. આથી પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ આઈ.ટી.આઈ. - જામનગરનો રૂબરૂ સંપર્ક કરીને આ સુવિધાનો સીધો લાભ મેળવી શકશે.

વર્તમાન ઔદ્યોગિક જરૂરિયાતો મુજબ ટેકનિકલ ક્ષેત્રે કૌશલ્ય વર્ધન દ્વારા આત્મનિર્ભર બનવા તેમજ ઉજ્જવળ રોજગારીની તકો મેળવવા ઈચ્છતા જામનગર જિલ્લાના તમામ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કરાયો છે. હજુ સુધી પ્રવેશથી વંચિત રહી ગયેલા તમામ લાયક ઉમેદવારોએ સમયમર્યાદાનું ખાસ ધ્યાન રાખીને તાત્કાલિક ધોરણે એટલે કે તા. ૨૧ ઓગસ્ટ-૨૦૨૬ સુધીમાં પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થાના આચાર્ય દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

### શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિ દ્વારા

# જામનગરમાં કૃષ્ણ જન્માષ્ટમી પહેલા હર ઘર ભગવા અભિયાનનો થયો શુભારંભ

## ખાસ સેલ્ફી બનાવવા માટે ઑનલાઈન લિંકનું લોકાર્પણ કરાશે : જન્માષ્ટમી પહેલા કાન્હાને મારું માખણ ધરાવવા પણ કરાઈ વ્યવસ્થા

જામનગર : જામનગરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ૨૦મી સાર્વજનિક શોભાયાત્રાના આયોજન અંતર્ગત હર ઘર ભગવા અભિયાન અને કાન્હા ને મારું માખણ... કાર્યક્રમ થકી ભક્તિમય વાતાવરણ સર્જવા બેઠકમાં નક્કી કરાયું છે.

જામનગરના શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીના સાનિધ્યમાં મળેલી બેઠકમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૪, સપ્ટેમ્બરના છોટી કાશી ગણાતા જામનગરમાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય દિવસે સવારે ૮:૩૦ કલાકે ખીજડા મંદિર ખાતેથી શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિ દ્વારા શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રા નીકળશે. તેમાં વિવિધ ધાર્મિક સામાજિક અને રાજકીય સંસ્થાઓના ધાર્મિક ફ્લોટ્સ જોડાશે. આ ઉપરાંત ઠેર ઠેર મટકી ફોડ અને સ્વાગત, પ્રસાદ વિતરણના કાર્યક્રમનું પણ આયોજન હાથ ધરાયું છે.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના આગમન પહેલા આવતીકાલ તા. ૧૯ન બુધવારે શ્રાવણ સુદ સાતમના સાંજે ૭ વાગ્યે શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રી અને વિવિધ સંસ્થાના અગ્રણીઓ અને ભક્તજનોની ઉપસ્થિતિમાં સનાતનની ગૌરવ સાથે હર ઘર ભગવા અભિયાનનો પણ શુભારંભ કરવામાં આવશે.



આ અભિયાન અંતર્ગત જામનગર શહેરમાં વસતા સનાતનની ધર્મના અનુયાયીઓ પોતાના ઘર અને પ્રતિષ્ઠાનોમાં સનાતન સંસ્કૃતિની ગૌરવભેર ઝાંખી કરાવતો ભગવો ધ્વજ લગાવી ધર્મમયી વાતાવરણ સર્જવા સૌપ્રથમ વખત આયોજન કરાયું છે. જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ૫,૦૦૦ થી વધુ ખાસ ભગવા ધ્વજ બનાવી વિતરણ કરવામાં આવી રહ્યા છે. અને લોકો પણ સ્વયંભૂ પોતાના ઘર ઉપર હર ઘર ભગવા અભિયાનને સમર્થન આપી ગૌરવભેર ભોગવો ધ્વજ લગાવે તે માટે સંતો મહંતોએ આહવાન પણ કર્યું છે. આ સાથે જ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા અને હર ઘર ભગવા અંતર્ગત સાર્વજનિક શોભાયાત્રા સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી ખાસ ડિજિટલ સેલ્ફી નું પણ લોકાર્પણ કરવામાં આવશે.

જામનગરના રાજમાર્ગો પર શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના આગમન પહેલા સાર્વજનિક શોભાયાત્રા ના આયોજનમાં ધર્મપ્રેમીઓને જોડતા બેનરો અને હોર્ડિંગ્સ લગાવવા માટે પણ વિવિધ દાતાઓ, શહેરના મહાનુભાવો અને રાજકીય અગ્રણીઓના સહયોગથી સંકલન કરવામાં આવી રહ્યું છે.

જન્માષ્ટમી પહેલા ૩, સપ્ટેમ્બરના ગુરુવારે શ્રાવણ વદ સાતમના કાન્હાને મારું માખણ અંતર્ગત દરેક ભક્તો, સત્સંગ મંડળ અને ધર્મ પ્રેમીઓને શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ની સાર્વજનિક શોભાયાત્રા દરમિયાન માખણ ધરાવવા માટે પણ સતત બીજા વર્ષે આયોજન કરાયું છે.

જામનગર શહેરમાં સતત ૧૯ વર્ષથી યોજાતી શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રા ૨૦ માં વર્ષે પણ અવિરત આયોજન કરાયું છે જેના આયોજન માટે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજની નિશ્રામાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રા સમિતિના દિલીપભાઈ આશર, કિંજલભાઈ કારસરીયા, ભીમશીભાઈ પીઠિયા, ભરતભાઈ ડાંગરિયા, કિશનભાઈ વસરા સહિતના અગ્રણીઓ દ્વારા સુચારુ અને ભવ્ય આયોજન માટે સંકલન કરી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# દ્વારકામાં રેસ્ટોરન્ટના માલિક અને મુળવાસરના યુવાનને મારી નાખવાની ધમકી

દ્વારકા : દ્વારકામાં રેસ્ટોરેન્ટના માલિકને તેના રસ્તામાં જેસીબીથી ખોદકામ કરવાની ના પાડતા ત્રણ શખ્સે અને મુળવાસર ગામે વાડીમાં જવાના રસ્તામાં લાકડાની થાંભલી અને બાવળની ડાળીઓ દુર કરવાના પ્રશ્ને યુવાનને શખ્સે જાનથી મારી નાખવાની ધમકી આપતા બન્ને બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકામાં સ્વામિનારાયણ મંદિર સામે રહેતા આશિષભાઈ પ્રભુદાસભાઈ સામાણી નામના વેપારી યુવાનને હિરેન મેઘનાથી, શ્રીધર અરવિંદભાઈ જોશી અને રાજવીરસિંહ સોઢા નામના ત્રણ શખ્સે ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેણે ત્રણેય સામે દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

વધુમાં આશિષભાઈ સામાણીની માલિકીની છપ્પન ભોગ હોટલ એન્ડ રેસ્ટોરન્ટની બાજુમાં આરોપીઓના કબ્જાનો ખુલ્લો પ્લોટ આવેલ હોય જેની વચ્ચે જાહેર રસ્તામાં આરોપીઓ જેસીબી વડે ખોદકામ કરતા હોય તેની આશિષભાઈ સામાણીએ ના કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ તેની સાથે ઝગડો કર્યો હતો. જયારે દ્વારકા તાલુકાના મુળવાસર ગામના દીપેનભા સમૈયાભા માણેક નામના યુવાનને ગોવા ઘના ચાસીયાએ વાડીમાં જવાના રસ્તામાં લાકડાની થાંભલી અને બાવળની ડાળીઓ રાખી જેની હટાવવાની ના પાડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા દીપેનભા માણેકે તેના વિરુદ્ધ સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

# કાલાવડના સતીયા ગામે છાતીમાં દુખાવો ઉપડતાં ખેડૂતનું મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના સતીયા ગામની સીમમાં છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ ઢળી પડેલા આધેડ ખેડૂતનું મૃત્યુ નિપજ્યું હતું.

મળતી વિગત મુજબ કાલાવડ તાલુકાના સતીયા ગામમાં રહેતા મશરૂભાઈ ધુશાભાઈ ગોલતર (૫૮) નામના આધેડ ખેડૂત પોતાની વાડીએ હતા. દરમિયાન અચાનક તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક કાલાવડની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે નાગજીભાઈ વેરશીભાઈ ગોલતરની જાણ પરથી કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં અકસ્માતે મોત અંગેની નોંધ કરવામાં આવી છે. બનાવની વધુ તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.કે. છૈયા ચલાવી રહ્યા છે.

# જામનગર, દરેડ અને નાઘેડીમાં દારૂ સાથે મહિલા સહિત ત્રણ ઝડપાયા

જામનગર : જામનગર શહેર-જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસે હાથ ધરેલી કાર્યવાહી દરમિયાન ઈંગ્લિશ દારૂના ત્રણ અલગ અલગ દરોડામાં એક મહિલા સહિત ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે કુલ ૧૫ બોટલ કબજે કરી હતી,

જામનગર તાલુકાના હરીપાર્ક તરફ જતા કાચા રસ્તા પરથી જમનભાઈ કુરજીભાઈ કણઝારીયા (રહે. હાલ નાઘેડી)ને એક બોટલ સાથે ઝડપી લઈ તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત નાઘેડી ગામની ગૌશાળા પાસેના રસ્તા પરથી સુખદેવસિંહ કનુભા સોલંકીને ઝડપી લીધો હતો. તેની પાસેથી ઈંગ્લિશ દારૂની છ બોટલ કબજે કરવામાં આવી હતી.

જ્યારે શહેરના તળાવની પાળ રોડ પર મીગ કોલોની વાળી ગલીના ખૂણા પાસેથી બીજલબેન મીલનભાઈ દોઢીયા નામની મહિલાને ઝડપી લઈ તેની પાસેથી ઈંગ્લિશ દારૂની અલગ અલગ બ્રાન્ડની આઠ બોટલ કબજે કરવામાં આવી હતી.

# જામનગરમાં કાલાવડ નાકા બહારના વિસ્તારોમાં વીજ ચેકિંગની ટીમો ત્રાટકતા લોકોમાં ફફડાટ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં લાંબા સમય બાદ વીજચોરી અને વીજ જોડાણોમાં થતી ગેરરીતિ સામે વીજ તંત્ર દ્વારા આજે વહેલી સવારથી સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવતાં વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. શહેરના કાલાવડ નાકા બહારના વિવિધ વિસ્તારોમાં વીજ તંત્રની અલગ-અલગ ટીમો દ્વારા એકસાથે ચેકિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. શહેરના કાલાવડ નાકા બહાર આવેલા ગરીબ નવાઝ પાર્ક-૧ અને ૨, સેટેલાઈટ, અલસફા સહિતના વિસ્તારોમાં વીજ તંત્રની ટીમો વહેલી સવારથી પહોંચી હતી અને રહેણાંક મકાનો તેમજ અન્ય વીજ જોડાણોના મીટર, સર્વિસ વાયર અને વીજ વપરાશની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. વીજ જોડાણમાં કોઈ પ્રકારની ગેરરીતિ કે વીજચોરી કરવામાં આવી છે કે કેમ તે અંગે સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી.

લાંબા સમય બાદ વીજ તંત્ર દ્વારા આ પ્રકારે એકસાથે અનેક વિસ્તારોને આવરી લઈને ચેકિંગ હાથ ધરવામાં આવતા સ્થાનિકોમાં પણ ભારે ચર્ચા જોવા મળી હતી.

વીજચોરી અથવા ગેરરીતિ કરતા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાના પગલે વીજચોરી કરનારાઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

# જામનગરના ૪૮૭માં સ્થાપના દિવસની આવતીકાલે ઉજવણી, ખાંભીનું પૂજન કરશે

જામનગર : જામનગર (નવાનગર)ના ૪૮૭મા સ્થાપના દિવસ નિમિતે જામનગર મહાનગરપાલિકા દ્વારા કલ તા.૧૯ ઓગસ્ટના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે તા.૧૯-૮ના રોજ સવારે ૯ વાગ્યે દરબારગઢ સર્કલ પાસે દિલાવર સાયકલ સ્ટોર્સ ખાતે જામનગર શહેરની સ્થાપનાની ખાંભીનું પૂજન મેયર મોનિકાબેન વ્યાસના હસ્તે કરવામાં આવશે. ત્યારબાદ શહેરમાં આવેલી રાજવીઓની જુદી-જુદી પ્રતિમાઓને પુષ્પહાર અર્પણ કરવામાં આવશે.

સાંજે જામનગરના ઈતિહાસ પર ઓપન ક્વિઝ જામનગરની ઐતિહાસિક ધરોહર, સંસ્કૃતિ, સ્થાપત્ય તથા મહાન વ્યક્તિઓ વિશે લોકોમાં જાણકારી વધે અને જામનગરના ગૌરવશાળી ઈતિહાસ અંગે જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી સાંજે ૬ વાગ્યાથી શ્રી એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલ ખાતે 'ઓપન જામનગર ક્વિઝ કોમ્પિટિશન'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ક્વિઝમાં ક્વિઝ માસ્ટર તરીકે પૂર્વ લિમ્કા બુક ક્વિઝ રેકોર્ડ હોલ્ડર આનંદભાઈ દવે સેવા આપશે. તેમની સાથે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનકુમાર મોનાણી પણ સહયોગ આપશે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, જામનગર વેપારી મહામંડળ, વિવિધ એસોસિએશનો, ચેમ્બર ઓફ કોમર્સ, ફેક્ટરી ઓનર્સ એસોસિએશન તેમજ જામનગર શહેરના તમામ નાગરિકોને આ તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભીમરાણા પાસેથી બુલેટમાં સવાર ત્રિપુટી દારૂની બાટલી સાથે ઝડપાઈ

દ્વારકા : દ્વારકા પંથકના ભીમરાણા ગામના રોડ પરથી બુલેટમાં સવાર ત્રિપુટીને ઈંગ્લિશ દારૂની બાટલી સાથે મીઠાપુર પોલીસે પકડી પાડી રૂ. ૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ તેઓ વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ દ્વારકા તાલુકાના ભીમરાણા ગામના રોડ પરથી પસાર થતી જી. જે. ૩૭. એ. એ. ૫૭૧૨ નંબરના બુલેટમાં સવાર ડાડુભા એભાભા માણેક , સંજયભા ઘાંઘાભા બઠીયા અને ઋષિરાજસિંહ વાઢેર નામના ત્રણેય શખ્સની મીઠાપુર પોલીસે અટકાવી તલાસી લેતા તેઓ પાસેથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની એક નંગ બાટલી મળી આવતા તેઓની અટકાયત કરી બુલેટ, ઈંગ્લિશ દારૂની બાટલી તથા મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.


# જામનગરના મનો દિવ્યાંગ બાળકોની રાખડીઓ સરહદ પરના જવાનો સુધી પહોંચશે




જામનગર : ભારત તિબ્બત સંઘ ગુજરાત પ્રાંતના મહિલા વિભાગ મંત્રી શ્રીમતિ ડિમ્પલબેન રાવલ કે જેઓ જામનગર માંથી ઘણા વર્ષોથી એક રાખી ફૌજી કે નામ અંતર્ગત રાખડીઓ સરહદ પરના જવાનોને મોકલવાનું દેશભક્તિ નું કાર્ય કરે છે, આ વર્ષે ૐ ટ્રેનિંગ સેન્ટરના મનો દિવ્યાંગ બાળકો પાસેથી રાખડીઓ ખરીદી સરહદ પર કાર્યરત આપણા ફૌજીભાઈઓની સુખાકારી અને દ્રિઘાયુ મેળવે એવી શુભેચ્છા સાથે મોકલવામાં આવનાર છે, જેમાં જામનગર ભારત તિબ્બત સંઘની બહેનો પણ ઉત્સાહ ભેર જોડાઈ હતી, આ કાર્યક્રમમાં પ્રાંત મહિલા વિભાગ મંત્રી ડિમ્પલબેન રાવલ સાથે અધ્યક્ષ પાયલબેન શર્મા ઉપાધ્યક્ષ ધારાબેન પુરોહિત, મીડિયા પ્રભારી દીશિતાબેન પંડ્યા અને સભ્ય ડિમ્પલબેન મહેતા કે જેઓ ૐ ટ્રેનિંગ સેન્ટરના સંચાલક પણ છે.મીનાક્ષીબેન રાયઠઠ્ઠાને મીનાબેન દવે વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને મુખ્ય વિભાગ અને યુવાવિભાગે વધાવ્યો હતો.

# જામનગરમાં ડૉ. પોપટના પુસ્તક 'પોપટ્સ પીડિયાટ્રિક્સ ઓન ફોન-ભાગ ૧૨'નું વિમોચન

### અભ્યાસ કરતા પીજી વિદ્યાર્થીઓથી લઈને અનુભવી તબીબો સુધી સૌને ઉપયોગી સંદર્ભગ્રંથ




જામનગર : જામનગર સહિત સમગ્ર ગુજરાતના તબીબી જગતમાં જાણીતા વરિષ્ઠ બાળરોગ નિષ્ણાત ડૉ. પોપટ દ્વારા લિખિત તબીબી પુસ્તક શ્રેણીના નવા ગ્રંથ 'પોપટ્સ પીડિયાટ્રિક્સ ઓન ફોન–ભાગ ૧૨' (ૃં'જ ૈદ્વૈંષ્ઠિજ ર્ઁહ ર્કીહી–ટ ઠૈં)નું તાજેતરમાં વિમોચન કરવામાં આવ્યું છે.બાળરોગની પ્રેક્ટિસ દરમિયાન તબીબો સમક્ષ આવતા જટિલ, પડકારજનક અને રસપ્રદ ક્લિનિકલ કેસોનું આ પુસ્તકમાં ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. બાળકોમાં જોવા મળતાં વિવિધ લક્ષણોના આધારે ઝડપી નિદાન, જરૂરી તપાસ અને યોગ્ય સારવાર અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

આ પુસ્તક મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએટના એમ.ડી. તથા ડી.સી.એચ.ના વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રેક્ટિસ કરતા બાળરોગ નિષ્ણાતો અને ફેમિલી ફિઝિશિયન્સ માટે પણ ઉપયોગી સાબિત થશે. રોજિંદી પ્રેક્ટિસ દરમિયાન ત્વરિત અને યોગ્ય ક્લિનિકલ નિર્ણય લેવામાં પુસ્તક માર્ગદર્શકની ભૂમિકા ભજવશે.

પુસ્તકની મુખ્ય વિશેષતા તેની સરળ, સ્પષ્ટ અને વ્યવહારુ રજૂઆત છે. ફોન પર તબીબી સલાહ આપતી વખતે કે ઓપીડીમાં બાળકની તપાસ દરમિયાન સામે આવતી પરિસ્થિતિઓમાં લક્ષણોના આધારે યોગ્ય નિદાન સુધી પહોંચવા માટે તેમાં પ્રેક્ટિકલ અભિગમ રજૂ કરવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે 'પોપટ્સ પીડિયાટ્રિક્સ ઓન ફોન' શ્રેણીના અગાઉ પ્રકાશિત થયેલા ૧૧ ભાગોને તબીબી વિદ્યાર્થીઓ અને તબીબો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો છે. હવે પ્રકાશિત થયેલો ૧૨મો ભાગ પણ બાળરોગ ક્ષેત્રે જ્ઞાનવર્ધન, ક્લિનિકલ સમજ અને વ્યવહારુ સારવારની દૃષ્ટિએ અત્યંત ઉપયોગી સાબિત થશે.

# જામનગરમાં પડતર માંગણીઓને લઈને આશા વર્કરોના ધરણા-આવેદન

જામનગર : પડતર માંગણીઓને લઈને જામનગરમાં આશા વર્કરો તથા ભારતીય મજદૂર સંઘ દ્વારા ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે ધરણા-સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આશા વર્કર, આંગણવાડી તથા મધ્યાહન ભોજન કર્મચારીઓના પગાર વધારા સહિતની વિવિધ માંગણીઓને લઈને કર્મચારીઓએ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. આ દરમિયાન પડતર માંગણીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવે તેવી માગ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કર્મચારીઓએ તેમની વિવિધ સમસ્યાઓ અને માંગણીઓ અંગે સરકારનું ધ્યાન દોર્યું હતું.



તસવીર: સુનિલ ચુડાસમા

# જામનગરમાં મોબાઈલ પર ક્રિકેટ મેચના સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર શહેરમાં ક્રિકેટ મેચના હારજીત અને રનફેરના સોદા કરી ઓનલાઈન જુગાર રમતા એક શખ્સને સીટી એ. ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં રણજીતનગર, રોજી પેટ્રોલ પમ્પની સામે સરદાર પટેલ આવાસમાં બ્લોક નં.૩માં રહેતો અજય મહેશભાઈ રાધનપુરા નામનો શખ્સ હવાઈચોક નજીક ભુજિયો કોઠા પેટ્રોલપંપની સામે જાહેરમાં ક્રિકેટની એપ્લિકેશન મારફતે મેચના રનફેર, હારજીત સહિતના સોદા કરી જુગાર રમતો હતો. જેથી પોલીસે શખ્સને ઝડપી પાડી તેના પાસેથી વિવો કંપનીનો વી-૨૯ મોડલનો મોબાઈલ ફોન, કિંમત રૂ.૧૦,૦૦૦, તેમજ રોકડા રૂ.૨,૫૦૦ મળી કુલ રૂ.૧૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જામનગર શહેર ભાજપ દ્વારા ધ્વજવંદન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : સ્વાતંત્ર દિવસ ઉપલક્ષમાં ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા શહેર ભાજપ કાર્યાલય જામનગર ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યકેમમાં શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, સાંસદ પૂનમબેન માડમ, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મૃગેશ દવે, ભાવેશ કાનાણી, મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટે. કમિટી. ચેરમેન ધીરેન મોનાણી, સાસ્ક પક્ષ નેતા અમરભાઈ મોદી, ડે મેયર રાકેશભાઈ ડેર, દંડક પ્રવિણાબેન રૂપળીયા સહિત, શહેર સંગઠન, વોર્ડના પ્રભારીઓ, વોર્ડના પ્રમુખ - મહામંત્રીઓ, તમામ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, તમામ ચૂંટાયેલા કોર્પોરેટરઓ, પ્રાથમિક શિક્ષણ સમિતિ સભ્યો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.


## ગુજરાત સરકાર - જળસંપતિ વિભાગ

"ઇ" પ્રોકયુરમેન્ટ જાહેર નિવિદા નં.૦૮ સને ૨૦૨૬-૨૭

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ:- (૧) કન્સ્ટ્રકશન ઓફ ભવનેશ્વર-૨ ચેકડેમ એક્રોસ લોકલ કોટાર નીયર વિલેજ ભવનેશ્વર, તા.ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા (૨) વર્તુ-૧ ઈરીગેશન સ્કીમ: પ્રોવાઈડીંગ એન્ડ ફિક્સિંગ ન્યુ સી.આર & આઉટલેટ ગેટ્સ ફોર મેઈન કેનાલ એન્ડ ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ ઓફ વર્તુ - ૧ ઈરીગેશન સ્કીમ. (પાંચમો પ્રયત્ન) (૩) રીપેરીંગ વર્ક ઓફ ચેકડેમ નીયર વાઢીયા અરજન એટ વિલેજ કાટકોલા, તા. ભાણવડ ડિ. દ્વારકા. (ચોથો પ્રયત્ન) (૪) એન્યુઅલ મેઈન્ટેનન્સ વર્ક ઓફ અર્ધન ડેમ સાઈટ ઓફ મીણસાર (વા) ઈરીગેશન સ્કીમ ફોર ધ યર ઓફ ૨૦૨૬-૨૭.(બીજો પ્રયત્ન) (૫) કન્સલ્ટન્સી સર્વિસ ફોર સર્વે & પ્રીપેરીંગ પ્લાન & એસ્ટીમેટ ફોર ગુંદા કટિંગ કેનાલ ઓફ સોનમતી ઇરીગેશન સ્કીમ. | |
| ૨ | અદાજીત રકમ રૂ. | (૧) રૂ. ૩૭,૮૬,૦૬૭.૭૬/- (૨) રૂ. ૧૮,૩૧,૮૩૩.૬૬/- (૩) રૂ. ૫,૭૭,૯૬૫.૬૧/- (૪) રૂ. ૪,૦૯,૧૧૪.૬૦/- (૫) રૂ. ૪,૦૫,૦૦૦.૦૦/- |
| 3 | ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | તા. ૦૧-૦૯-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી (IST) |
| ૪ | લગત કા.ઇ. નું નામ, સરનામું | કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, પહેલો માળ, સિંચાઈ ભવન, સાની કોલોની, ગાયત્રીનગર, જલારામ મંદિર પાસે, જામખંભાળીયા-૩૬૧૩૦૫ |
| ૫ | વધુ વિગત માટેtender.nprocure.comવેબસાઇટ જોવા વિનંતી છે. | |
| ૬ | હવે પછી કોઇ પણ સુધારો થશેતો ઓનલાઇન સુધારો કરવામાં આવશે | |

નં.માહિતી/જામ/ ૩૮૨ /૨૦૨૬


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# ભારતીય નાવિકોની સુરક્ષા સર્વોપરી છે

ઓમાનની ખાડીમાંથી આવેલા સમાચાર સમગ્ર દેશ માટે આઘાતજનક અને પીડાદાયક છે. પલાઉના ધ્વજ હેઠળ ચાલતા ઓઈલ પ્રોડક્ટ ટેન્કર એમટી સેટ્ટેબેલો પર અમેરિકન સૈન્ય દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત થયા હોવાની પુષ્ટિ કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કરી છે. ૧૧ જૂન ૨૦૨૬ ના રોજ આ ઘટના બની. શરૂઆતમાં ત્રણ નાવિકો ગુમ હોવાનું કહેવાતું હતું, પરંતુ બાદમાં તેમના મૃતદેહ મળી આવ્યા અને ઓળખ પૂર્ણ થઈ. આ ઘટના માત્ર ત્રણ પરિવારોની અંગત કરુણાંતિકા નથી, પરંતુ ભારતીય સમુદ્રી શ્રમિકોની વૈશ્વિક સુરક્ષા, અમેરિકાની દાદાગીરી ભરી દરિયાઈ નાકાબંધી અને ભારત સરકારની રાજદ્વારી તાકાતની કસોટી પણ છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (ઝઈદ્બર્ઝર) નું કહેવું છે કે આ ટેન્કર વારંવાર આપવામાં આવેલી સૂચનાઓનું પાલન નહોતું કરતું અને હોર્મુઝની ખાડી પાસે અમેરિકા દ્વારા લગાવવામાં આવેલી નાકાબંધીનો ભંગ કરવાનો પ્રયાસ કરતું હતું, તેથી તેના એન્જિન રૂમમાં પ્રિસિઝન મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો. આ દલીલ સાંભળવામાં વ્યાવસાયિક લાગે, પરંતુ તેની પાછળના સવાલો અત્યંત ગંભીર છે. શું કોઈ વ્યાપારી જહાજને રોકવા માટે સીધું એન્જિન રૂમમાં મિસાઈલ મારવી એ આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા મુજબ યોગ્ય છે? જહાજ પર ૨૪ ભારતીય નાવિકો સહિત કુલ ૨૫ થી વધુ ક્રૂ સભ્યો હતા. તેમાંથી ૨૧ ભારતીય, બે પાકિસ્તાની, એક રશિયન અને એક યુક્રેનિયન નાવિકને ઓમાનની નૌકાદળે બચાવ્યા હોવાના અહેવાલ છે. જો હુમલો એન્જિન રૂમ પર જ હતો, તો અંદર કામ કરતા નિર્દોષ નાવિકોના જીવનું જોખમ શા માટે લેવામાં આવ્યું? અમેરિકાની આ કાર્યવાહી એ સ્પષ્ટ કરે છે કે તે પોતાના ભૂ-રાજકીય હિતો માટે વ્યાપારી જહાજો અને તેમના પર કામ કરતા ત્રીજા દેશના નાગરિકોને પણ નિશાન બનાવતા ખચકાતું નથી.ભારત માટે આ સ્થિતિ બેવડી ચિંતાજનક છે. વિશ્વના કુલ નાવિકોમાંથી લગભગ ૧૨ ટકા ભારતીય છે. દુનિયાના દરેક મહાસાગરમાં, દરેક ટેન્કર અને કાર્ગો શિપ પર ભારતીય નાવિકો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે દિવસ-રાત કામ કરે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને ગોવાના હજારો યુવાનો આ વ્યવસાય પર નિર્ભર છે. જ્યારે અમેરિકા જેવો મિત્ર દેશ જ તેમના જહાજ પર હુમલો કરે અને તેમાં આપણા નાગરિકો માર્યા જાય, ત્યારે તેને માત્ર અકસ્માત કહીને છોડી શકાય નહીં. ભારતીય વિદેશ મંત્રાલયે તાત્કાલિક અમેરિકન કાર્યકારી રાજદૂતને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે, જે આવકાર્ય પગલું છે. પરંતુ હવે વિરોધથી આગળ વધીને નક્કર કાર્યવાહીની જરૂર છે.

સવાલ એ છે કે આ ટેન્કર ખરેખર ઈરાનથી તેલ લઈ જતું હતું કે કેમ અને અમેરિકાએ ઈરાન પર લગાવેલા પ્રતિબંધોના ભંગ બદલ આ હુમલો કર્યો હતો? જો એમ હોય તો પણ, આ હુમલો આંતરરાષ્ટ્રીય જળસીમામાં થયો છે અને તેમાં ભારતીય નાગરિકોના મોત થયા છે. ભારતે સ્પષ્ટપણે માંગ કરવી જોઈએ કે અમેરિકા આ ઘટનાની સ્વતંત્ર તપાસ કરે, મૃતક પરિવારોને વળતર આપે અને ભવિષ્યમાં આવી કાર્યવાહી ન થાય તેની ખાતરી આપે. સાથે જ, ભારતે તેના નાવિકો માટે યુદ્ધ ક્ષેત્ર જેવા જોખમી વિસ્તારોમાંથી પસાર થતા જહાજો માટે વીમા, સુરક્ષા પ્રોટોકોલ અને ઈમરજન્સી રેસ્ક્યુ સિસ્ટમ વધુ મજબૂત બનાવવી પડશે.

# કરમની કઠણાઈ

**પોતાના ચાર દીકરાની જમીન જાગીર વધારવા માટે એકાકી પિતરાઈને મારી નાખી પૈસે ટકે અને કુટુંબ કબીલે સમૃદ્ધ થયેલા માણસને વિધુર થયે સગા દીકરા જાકારો આપી દે છે ત્યારે તેને સમજાયું કે, ‘કરેલાં કરમના બદલા ભોગવવા પડે છે.’**

અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર

રામસિંહ બાપુની ઊંડી ઉતરેલી આંખો રામેશ્વર મંદિરમાં શિવલિંગ પર સ્થિર થઈ ગઈ હતી. એ પૂજાપાઠ કરવાના પાટલા પર એક ચિત્ત બેઠા હતા. હાથમાંની ગૌમુખીમાં આંગળીઓ વચ્ચે થંભી ગયેલી માળાના મણકા પુનઃ ફરવા માંડયા. એમના સુક્કા ફફડતા હોઠ પર પંચાક્ષર મંત્ર '' ૐ નમઃ શિવાય " નું રટણ શરૂ થઈ ગયું. શિવલિંગ પરથી ધીમેથી ખસેલી નજર દીવાલ પર ટીંગાડેલી ઝોળી પર ભાવવિભોર બનીને ફરતી રહી. બે હાથ જોડી, માથું ઝુકાવીને એ મંદિરમાં શિવ પંચાયતનની મુર્તિઓને એક પછી એક વંદી રહ્યા. વળી, એકાએક ઝોળી પર નજર સ્થિર થઈ ગઈ. પૂરી તન્મયતાથી એ જોઈ રહ્યા. આધેડવયનો પ્રસન્ન લાગતો ચહેરો, માથે હાલારી પાઘડી, વિશાળ ભાલ પરનું ત્રિપુંડ અને થોડીવાર પહેલાં કરાયેલો ચંદનનો ચાંલ્લો...

બાપુના હાથની આંગળીથી ફરતી માળાનો મણકો અચાનક થંભી ગયો.

નજર ઝોળી પર ચોટી ગઈ અને પાટલા પર પડેલી આરતીની જયોત બુઝાઈ ગઈ. દીવીમાંના દીવાનું તેજ ધીમે ધીમે ક્ષીણ થઈ ગયું. અગરબત્તીની ધૂમ્રસેર પર તેનાં વળખાતાં વલયો હવામાં ઓગળી ગયાં. બાપુની સ્તબ્ધ નજર ચમકી ઊઠી. ઝોળી પરનો હસતો ચહેરો સૂચકપણે પૂછી રહ્યો હતો : ‘કઉં છું રામસિંહ દરબાર, સાંભળો છો ને તમે... ? ’

દરબારે અવાકપણે હકારમાં માથું હલાવ્યું ને મનોમન બોલ્યાં : ’અરેરે, મારા પરભુ ! આ આટલાં વરસો કેડે આ તે વળી કેવી ભ્રમણા ! ! ’

ઝોળી પરની તેજસ્વી આંખો પોતાના ભણી તાકી રહી હતી એ જોઈને તો એમનું અચરજ વધી ગયું.



હાથમાંની માળા અને આંગળીઓનાં ટેરવે કંપન ઉપડ્યું. હોઠ ધ્રૂજવા લાગ્યા.

મંદિરના જાળિયામાંથી તેજ લિસોટા જેવું અજવાળું પ્રવેશ્યું : ’કેમ મજામાં ને ? ’

ઝોળીમાંના અપાર્થિવ ઘેરા અવાજે અકળાવી મૂક્યાં એમને, જાળિયા પાછળથી હોલો પક્ષી ઊડ્યું, ને ક્યાંય સુધી પાંખોનો ફફડાટ મંદિરમાં ગુંજતો રહ્યો.

બાપુની આંખો બળપૂર્વક મીંચાઈ ગઈ. મંદિર પર ફરકતી લાંબી ધજાનો ફફડાટ ચોમેર વ્યાપ્યો. નજીકના ઘટાટોપ વડલા પરના પક્ષીઓનો કલબલાટ વધી ગયો.

’હે મારા વા’લા....’ કહેતાં જ આંખો ખુલી ગઈ.

ઉગમણે ચાંદો ઊગ્યો. મંદિરના ફળિયે કૂતરાં તો ઉંધુ ઘાલીને પડ્યાં છે.



વળી પાછો ઘેરો અવાજ સંભળાયો : ’ કેમ ચાલે છે બધું ? ’

’ તમેય દીધો હવે દાઝ્યા પર ડામ !..’ રામસિંહ દરબાર ઠપકાભરી નજરે ઝોળી સામે તાકી રહ્યાં, ને શરૂ થઈ ગયો મનોમન બબડાટ.

’તમે કે’તા’તા એ ખરેખર હાવ સાચું પડયું હો.. મારા ચાર દીકરા ને મારી જાહોજલાલી ! છતાં આ પાકટ વયે હવે મારે તો આ વગડે મહાદેવના દેરાનો આશરો ! ચારેય દીકરાઓને ખેતર , પાદર, વાડી, ઘોડી, કુટુંબ કબીલો ને જાહોજલાલી છતાં આ વિધુર બાપને જાકારો દઈ દીધો છે. મેં તો ભરજુવાનીમાં દેવદર્શન ને પૂજાપાઠ બધું જ મેલીને રાત-દા’ડો ’મારું મારું’ કરીને ઘરવખરી વધારી, પૈસો ટકો વધ્યો, કુટુંબ કબીલો જમાવ્યો તે અટાણે બધી ખીચડી ખદબદીને મને જ ભારે પડી ગઈ હોં ! હવે તો થાય છે કે આ બધી જફા મેલીને મારો મહાદેવ ને બસ હું જ. દુનિયા પડે આખી ભાડમાં...!’

તેની નજર ઝોળી પરથી ખસીને પાટખા પર સ્થિર થઈ ગઈ. સહેજ ભીંજાયેલી આંખોમાં મંદિરનો સૂનકાર છવાઈ ગયો. ઘડીક, ઝોળી સામે ફરી જોયું. ઝોળી પરનો મ્લાન ચહેરો ફિક્કું હસ્યો ...

’ કઉં છું... તમારા સંતાનોની જમીન વધારવા માટે, મારી જમીન જાગીરને પચાવી પાડવા ખાતર મને, એકના એક પિતરાઈને, ખેતરના શેઢે જનોઈવાઢ ઘા કરીને વેતરી નાંખ્યો ત્યારે દુનિયા પડે આખી ભાડમાં, એવું ધાર્યું હોત તો આજે કર્મની કઠણાઈના ભાડમાં ભીંસાવાનો વારો ન આવ્યો હોત..!’

રામસિંહ અનુત્તરે બની ઝોળી સામે તાકી રહ્યાં.

આંતરે દા’ડે બિલાડી કબૂતરને મોમાં ઘાલીને ભંડકિયામાં ભરાઈ જાય છે તે ગંદવાડને લીપે કશો મેળ ખાય..!’ આ બિલાડી કોણ જાણે ક્યાં સંતાઈ ગઈ’તી....? હવે રોજ વહેલી સવારે ઊઠે, ગામ તળાવે નહાવા જાય, નાહી-ધોઈ મહાદેવના મંદિરે આવીને પૂજા કરવા બેસે...બોલો, આ બધું ..., સો ઉંદર મારીને મીનીબાઈ પાટ બેઠાં છે !

રામસિંહે હકારમાં માથું હલાવ્યું, આંખોના ખૂણા લૂછયા :’ અટાણે તો હું આ બધુંય સમજીને બેઠો છું હોં !... પણ હવે તો પસ્તાવાનો પાર નથી...! ધોબીના કૂતરા જેવો ઘાટ થયો છે; ન ઘરનો કે ન ઘાટનો. છતાં આ મહાદેવ પાસે બેસીને મારા મનને મનાવું છું કે, કરેલાં કરમના બદલા ભોગવવા જ પડે છે.’

# ગણતરીપૂર્વકની સજ્જનતાથી સાવધ રહેવું

વિશેષ

સમાજ માણસ સજ્જન છે કે નહિ તે નથી પૂછતો. તે હોંશિયાર છે કે નહિ એ પૂછે છે. સજ્જન હોવું અને સજ્જનતાની છાપ ઊભી કરવી બન્ને અલગ વાત છે

કૌરવો અને પાંડવો વચ્ચે સુલેહ કરાવવાનું દૂતકર્મ નિષ્ફળ ગયું. ફક્ત દુર્યોધનની જીદ અને અહંકારના લીધે મહાભારતના યુદ્ધનું એલાન થયું. બન્ને પક્ષોએ પોતપોતાની રીતે યુદ્ધની તૈયારી શરૂ કરી. અર્જુન અને દુર્યોધન શ્રીકૃષ્ણ પાસે મદદ માટે ગયા. શરત મુજબ શ્રીકૃષ્ણ ભલે યુદ્ધ ના કરે, શસ્ત્ર ના ઉઠાવે છતાં અર્જુને શ્રીકૃષ્ણને માંગી લીધા. એટલે સ્વતઃ સશક્ત, સશસ્ત્ર નારાયણી સેના દુર્યોધનને મળી ગઈ. દુર્યોધન જેમ બને તેમ તેનું સૈન્યબળ વધારવા માંગતો હતો. સૌ પ્રથમ કૃતવર્મા પાસેથી એક અક્ષૌહિણી સેનાની મદદ તેણે માંગી લીધી.

ઋતાયનના પુત્ર શલ્ય મદ્રપ્રદેશના રાજા હતા. તે પાંડવ નકુલ અને સહદેવના મામા થતા હતા. એ સંબંધે યુધિષ્ઠિરે શલ્યને યુદ્ધમાં પોતાના પક્ષે ભાગ લેવા નિમંત્રણ મોકલ્યું. આ વાતની ખબર ગુપ્તચરોએ દુર્યોધનને આપી. શકુનિ મામાની સલાહથી દુર્યોધને શલ્યને પોતાના પક્ષે લેવા બીડું ઝડપ્યું. શલ્ય પોતાની વિશાળ સેના લઈ યુધિષ્ઠિર પાસે જતા હતા. દુર્યોધને તેના મંત્રીઓ, રાજસેવકો, કારભારીઓને અડધે રસ્તેથી શલ્યની સેવા-ચાકરી કરવા મોકલી દીધા. તેમણે રસ્તા સમતલ બનાવી પાણીનો છંટકાવ કરાવ્યો. થોડે થોડે અંતરે રત્નજડિત સભાભવન તૈયાર કરાવ્યા. થાકેલા ઘોડાઓને આરામ કરવા ઘોડારની વ્યવસ્થા કરી. ભોજન માટે સ્વાદિષ્ટ મસાલેદાર વાનગીઓ બનાવનારા રસોઈયા ખડે પગે તૈયાર રખાવ્યા. દુર્યોધનના મંત્રીઓ મહારાજ શલ્યને દેવની માફક આદર આપી લળી લળીને પૂજા કરતા. સ્વર્ગના ઈન્દ્ર કરતાં પમ અધિક સન્માન શલ્યને મળે તેની તકેદારી રાખવામાં આવતી. આટલું બહુમાન, આટલો આદર, આટલો પૂજ્યભાવ, આટલી સેવા-ચાકરી જોઈને શલ્ય ગદ્ગદ્ થઈ ગયો. તે દુર્યોધનના મંત્રીઓને વારેઘડીએ કહેતો. ’આવું માન મને જિંદગીમાં કદી નથી મળ્યું. આટલી કદર કોઈએ કરી નથી. આવો ભક્તિભાવ રાખનાર માટે હું મારા પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દઉં !’ બે ત્રણ વખત આવું સાંભળીને દુર્યોધન પ્રકટ થયો. તેણે શલ્યની ચરણવંદના કરી, પગ પખાળ્યા, સાષ્ટાંગ પ્રણામ કર્યા. શલ્યએ દુર્યોધનને ઊભો કરી બાથમાં ભરી લીધો. ’દુર્યોધન આજે તે મને પ્રસન્ન કરી દીધો છે. આવું બહુમાન કદી મળ્યું નથી. (ઈષ્ટાર્યો ગૃહ્યતામિતિ) દુર્યોધન, તારી જે ઈચ્છા હોય તે માંગી લે.’ દુર્યોધન તો આ જ તકની રાહ જોઈ રહ્યો હતો. ’મહારાજ, તમને તો ખબર છે યુદ્ધ થવાનું છે. તમે બહાદુર છો, પરાક્રમી છો, નીડર છો, મારી એક જ ઈચ્છા છે કે આપ મારી સેનાના અધિનાયક બનો.’ આ સાંભળતાં જ મહારાજા શલ્ય તંદ્રામાંથી જાગી ગયા. જોકે તેમણે કહ્યા પ્રમાણે કૌરવોના પક્ષે યુદ્ધ લડવાનું વચન આપ્યું. પણ હવે તેમને સમજાયું કે દુર્યોધનમાં આટલો અહોભાવ, આટલો ઉત્સાહ, આટલો વિવેક, આટલી નમ્રતા, આટલી કુમાશ, આટલી સંવેદનશીલતા, હૈયું ભરાઈ જાય એટલું વહાલ એક જ સમયે ક્યાંથી આવ્યું !! તે તેમને પાંડવોના પક્ષમાંથી ખેંચી કૌરવોના પક્ષમાં લેવા ઈચ્છતો હતો. તેની આ ચાલાકી, લુચ્ચાઈ અને સજ્જનતા ગણતરીપૂર્વકની હતી.

(પ્રયોજનમનુદ્દિશ્ય ન દુર્જનોપિ પ્રવર્તતે) દુર્જન માણસ હેતુ કે મતલબ વગર કોઈ કામ કરતો નથી. તે જ્યારે સ્વાર્થ સાધવા કોઈનો ઉપયોગ કરે છે ત્યારે તેના ચહેરા પર બેઈમાની કે ચતુરાઈની એકપણ રેખા ઉપસી ના આવે તેનું પૂરેપુરું ધ્યાન રાખે છે. જેમ એનેસ્થેસિયાનો એક ડોઝ થોડી જ મિનિટોમાં માણસને બેહોશ કરી દે એમ કપટીના કૂણા વર્તનનું વશીકરણ ભલભલાને શિથિલ કરી દે છે. દુરાચારી આપણી ઊણપની નાડ પકડી એવી સંવેદના બતાવે છે કે તેના સિવાય આપણા દરદનો ઈલાજ બીજા કોઈ પાસે ના હોય !

જોકે, આ જગતમાં સંપૂર્ણ સજ્જન કોઈ ના હોઈ શકે. દરેક જીવનમાં ઈન્દ્રિયજન્ય અચ્છાઈ-બુરાઈ હોય જ છે. એકવાર બહારગામનો એક જ્યોતિષી સોક્રેટિસને મળવા આવ્યો. તે ચહેરો જોઈને વ્યક્તિનું ચરિત્ર બતાવતો હતો. સોક્રેટ્સિ તેના મિત્રો અને શિષ્યો સાથે બેઠો હતો. જ્યોતિષીએ સોક્રેટીસને જોઈને કહ્યું. ’આ માણસ ક્રોધી છે. તેના નાક નકશાની રચના પરથી લાગે છે કે લાલચુ પણ છે. દાંત કહે છે કે દેશદ્રોહી છે. અને આંખો બતાવે છે કે તે અભિમાની પણ છે.’ શિષ્યો ઉશ્કેરાય તે પહેલાં સોક્રેટીસે તેને ફી આપી વિદાય કર્યો. પછી શાંતિથી કહ્યું. ’તેની ઘણી વાતો સાચી છે. ઘણા બધા દુર્ગુણો મારામાં છે. પણપ તે ફક્ત ચહેરો જોઈ શક્તો હતો. મારામાં રહેલા ગુણ વિવેકને નહિ ! જ્યારથી હું મારી અંદર રહેલા આત્મતત્વને ઓળખતો થયો છું ત્યારથી જ્યારે દુર્ગુણ જાગે છે ત્યારે ભીતર રહેલા ચૈતસિક ગુણ-વિવેકથી તેમને નિયંત્રણમાં રાખી શકું છું.’

સુપેરે જીવવા માટે બે રસ્તા છે. એક વ્યાવહારિક જગતને જીતવા કરતાં ખુદમાં રહેલા દુર્ગુણોને જીતી નિરાંતે ખુશખુશાલ જીવવું. બીજું, જેનામાં દંભ, દુષ્ટતા, છળ-કપટ, ષડયંત્ર કે અનીતિ જેવા દુર્ગુણોનો ભાસ થાય તેનાથી સુરક્ષિત રીતે દૂર રહેવું. આપણે માનીએ કે ના માનીએ ઈશ્વર આપણને ભવિષ્યના અમંગળનો સંકેત આપે જ છે. પણ આપણી લાલચ એ સંકેતલિપિ (કોડવર્ડ) નથી ઉકેલી શકતી. આપણું કામ છે - કાન માંડી આત્માનો અવાજ સાંભળવો અને શ્રદ્ધા રાખી તે મુજબ અમલ કરવો. મહાભારતના ભીષ્મપર્વમાં કહ્યું છે.

# પૂર અને ઝંઝાવાત જેવી આફતોમાં વીમો જ સાચો સહારો

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

વરસાદ કુદરતની અમૂલ્ય ભેટ છે, પરંતુ જ્યારે વરસાદ મર્યાદા વટાવે ત્યારે એ જ પાણી લોકોના જીવન અને સંપત્તિ માટે સંકટ બની જાય છે. શહેરી વિસ્તારોમાં થોડા કલાકોના ભારે વરસાદથી રસ્તાઓ નદી બની જાય, ઘરોમાં પાણી ઘૂસી જાય અને ઘરવખરી, ઈલેક્ટ્રોનિક સાધનો, ફર્નિચર તથા અન્ય સામાનને મોટું નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં સરકારી સહાય મહત્વની છે, પરંતુ દરેક પરિવારને થયેલા વાસ્તવિક નુકસાનની સંપૂર્ણ ભરપાઈ સરકાર પાસેથી મળે જ એવું જરૂરી નથી. અહીં ઘર અને ઘરવખરીના વીમાનું મહત્વ સમજાય છે. દરવાજા અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમને પણ નુકસાન થવાની શક્યતા રહે છે. એટલે કુદરતી આફત પૂરી થઈ જાય પછી પણ આર્થિક મુશ્કેલી લાંબા સમય સુધી પરિવારનો પીછો કરતી રહે છે.

સામાન્ય રીતે લોકો ઘરનો વીમો એટલે માત્ર મકાનની આગ કે ચોરી સામેની સુરક્ષા માને છે. હકીકતમાં કેટલીક ઘર વીમા પોલિસીઓમાં પૂર, ભારે વરસાદ, વાવાઝોડું, વાવાઝોડા સાથે આવતું પાણી અને અન્ય કુદરતી આફતો સામે પણ કવર ઉપલબ્ધ હોય છે. પરંતુ અહીં સૌથી મહત્વની વાત એ છે કે દરેક પોલિસીનું કવર એકસરખું

**વીમો માત્ર કાગળ પરની સુરક્ષા નથી, પરંતુ કુદરતી આપત્તિ પછી પરિવારને ફરી સામાન્ય જીવનમાં પરત લાવવાનું નાણાકીય સાધન બની શકે છે. જોકે વીમાની પોલિસી શું આવરી લે છે અને શું નથી આવરી લેતી તે અગાઉથી સમજવું એટલું જ જરૂરી છે**

વીમો માત્ર કાગળ પરની સુરક્ષા નથી, પરંતુ આપત્તિ પછી પરિવારને ફરી સામાન્ય જીવનમાં પરત લાવવાનું નાણાકીય સાધન બની શકે છે. જોકે વીમાની પોલિસી શું આવરી લે છે અને શું નથી આવરી લેતી તે અગાઉથી સમજવું એટલું જ જરૂરી છે.ગુજરાતમાં તાજેતરના ભારે વરસાદે સુરત, અમદાવાદ, નવસારી, વલસાડ સહિત અનેક વિસ્તારોમાં જનજીવનને અસર કરી છે. અનેક સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ઘરોમાં પાણી ઘૂસી ગયું. કેટલીક જગ્યાએ પાણી લાંબા સમય સુધી ઘરોમાં ભરાયેલું રહ્યું અને તેના કારણે ફર્નિચર, ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, પલંગ, ગાદલાં, કપડાં, દસ્તાવેજો અને અન્ય ઘરવખરીને નુકસાન થયું. પૂરનું પાણી ઊતરી ગયા પછી ઘરની દીવાલો, ફ્લોરિંગ, હોતું નથી. કોઈ પોલિસીમાં બિલ્ડિંગ કવર હોય, તો બીજીમાં ઘરવખરીનું કવર અલગથી લેવું પડતું હોય શકે. તેથી માત્ર ‘ઘરનો વીમો છે’ એટલું જાણવું પૂરતું નથી; પોલિસીના દસ્તાવેજમાં પૂરથી થયેલા નુકસાન અંગેની જોગવાઈ શું છે તે સમજવું જરૂરી છે.

મકાનને થયેલા નુકસાન અને ઘરમાં રહેલા સામાનને થયેલા નુકસાન વચ્ચે પણ તફાવત છે. મકાનના કવર હેઠળ દીવાલો, છત, ફ્લોરિંગ, દરવાજા જેવી રચનાત્મક બાબતો આવી શકે છે, જ્યારે કન્ટેન્ટ અથવા ઘરવખરીના કવર હેઠળ ફર્નિચર, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અન્ય સામાન આવી શકે છે. જો કોઈ વ્યક્તિએ માત્ર બિલ્ડિંગ માટે વીમો લીધો હોય અને ઘરવખરી માટે કવર ન લીધું હોય, તો પૂરથી બગડેલા ટીવી કે ફ્રિજ માટે વળતર મળવાની શક્યતા પોલિસીની શરતો પર નિર્ભર રહેશે. એટલે પોલિસી લેતી વખતે ઘર અને ઘરવખરી બંને માટે યોગ્ય કવર પસંદ કરવું જોઈએ.

પૂર પછી સૌથી પહેલું કામ પોતાની અને પરિવારની સલામતી સુનિશ્ચિત કરવાનું છે. પાણી ભરાયેલા વિસ્તારમાં વીજળીના વાયર અથવા ખુલ્લા ઈલેક્ટ્રિકલ સાધનો જોખમી બની શકે છે. પાણી ઊતર્યા પછી જ નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરવું જોઈએ. વીમાનો દાવો કરવાનો હોય તો નુકસાનના ફોટા અને વીડિયો ખૂબ મહત્વના પુરાવા બની શકે છે. પાણી કાઢી નાખતા પહેલાં શક્ય હોય ત્યાં સુધી મકાન અને નુકસાન પામેલા સામાનની તસવીરો લેવાય તો વીમા કંપનીને નુકસાન સમજવામાં મદદ મળે છે.

ઘણા લોકો નુકસાન જોઈને તરત જ બગડેલો સામાન ફેંકી દે છે. આ ઉતાવળ ટાળવી જોઈએ. જ્યાં સુધી વીમા કંપની અથવા સર્વેયર નુકસાનનું નિરીક્ષણ ન કરે ત્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી નુકસાનગ્રસ્ત વસ્તુઓ સાચવી રાખવી જોઈએ. જો સલામતી માટે તાત્કાલિક સફાઈ અથવા મરામત કરવી જરૂરી હોય તો તે પહેલાં અને પછીના ફોટા, વીડિયો, બિલ અને ખર્ચના પુરાવા સાચવવા જોઈએ. આ દસ્તાવેજો દાવાની પ્રક્રિયામાં ઉપયોગી થઈ શકે છે.વીમાનો દાવો કરતી વખતે પોલિસી નંબર, નુકસાનની વિગતો, ફોટા, વીડિયો, ખરીદીના બિલ અને જરૂરી અન્ય દસ્તાવેજો તૈયાર રાખવા જોઈએ. પોલિસીની શરતો પ્રમાણે વીમા કંપનીને નિર્ધારિત સમયમર્યાદામાં જાણ કરવી પણ જરૂરી હોઈ શકે છે. તેથી નુકસાન થયા પછી ‘પછી જોઈશું’ એવું કરવાને બદલે શક્ય તેટલી વહેલી તકે વીમા કંપની અથવા તેના અધિકૃત માધ્યમથી ક્લેમની જાણ કરવી વધુ યોગ્ય છે.અહીં એક મહત્વનો પ્રશ્ન એ છે કે ઘરનું નુકસાન થયું હોય તો કેટલો વીમો મળી શકે? તેનો એક જ જવાબ નથી. વળતરની રકમ પોલિસીમાં નક્કી કરેલી વીમા રકમ, નુકસાનની વાસ્તવિક કિંમત, પોલિસીની શરતો, કપાતપાત્ર રકમ અને નુકસાન કયા પ્રકારનું છે તેના આધારે નક્કી થઈ શકે છે. કેટલીક પોલિસીઓમાં જૂના સામાનના મૂલ્યની ગણતરી અલગ રીતે થાય છે, જ્યારે કેટલીકમાં નવી કિંમત અથવા અન્ય પદ્ધતિ લાગુ પડી શકે છે. તેથી પોલિસી લેતી વખતે માત્ર પ્રીમિયમ કેટલું છે તે જોવું યોગ્ય નથી; દાવા સમયે કેટલું અને કયા આધાર પર વળતર મળશે તે પણ સમજવું જોઈએ.સરકાર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને આર્થિક સહાય જાહેર થતી હોય છે, પરંતુ સરકારી સહાય અને વીમા વળતર એક જ બાબત નથી. સરકારી રાહત ઘણી વખત નક્કી કરેલા માપદંડ અને મર્યાદા પ્રમાણે આપવામાં આવે છે. બીજી તરફ, વીમો કરાર આધારિત વ્યવસ્થા છે અને તેમાં પોલિસીની શરતો પ્રમાણે દાવો નક્કી થાય છે. એટલે બંને વ્યવસ્થાને એકબીજાના વિકલ્પ તરીકે જોવાને બદલે પૂરક સુરક્ષા તરીકે જોવી જોઈએ.શહેરોમાં વધી રહેલા બાંધકામ અને કુદરતી પાણીના માર્ગોમાં થતા ફેરફારને કારણે વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન વધુ ગંભીર બની રહ્યો છે. જ્યાં થોડા કલાકના વરસાદમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે ત્યાં નાગરિક સુરક્ષા સાથે સંપત્તિ સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. આવા સમયમાં ઘરનો વીમો માત્ર મધ્યમ વર્ગ કે મોટા મકાનમાલિકો માટેની બાબત નથી. નાના ઘરવાળા પરિવારો માટે પણ તેમની આર્થિક ક્ષમતા પ્રમાણે યોગ્ય સુરક્ષા મેળવવી જરૂરી છે.

ભાડાના મકાનમાં રહેતા લોકો માટે પણ ઘરવખરીના વીમાનું મહત્વ છે. મકાનમાલિક મકાનની રચનાનું વીમા કવર લઈ શકે છે, પરંતુ ભાડૂત પાસે રહેલું ફર્નિચર, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વ્યક્તિગત સામાન અલગ સુરક્ષા માંગે છે. તેથી ભાડૂતોએ પણ પોતાની પોલિસીની જરૂરિયાત અંગે વિચારવું જોઈએ.આપત્તિ આવે પછી વીમાની જરૂરિયાત સમજાય એના બદલે આપત્તિ પહેલાં તૈયારી કરવી વધુ બુદ્ધિશાળી છે. ઘરનું અંદાજિત મૂલ્ય, ઘરવખરીની યાદી અને મોંઘી વસ્તુઓના બિલનું ડિજિટલ રેકોર્ડ રાખવો જોઈએ. મહત્વના દસ્તાવેજોની સ્કેન નકલ સુરક્ષિત ક્લાઉડ અથવા અન્ય સ્થળે રાખી શકાય. પોલિસીનું નવીનીકરણ સમયસર કરવું જોઈએ અને ઘરનું મૂલ્ય વધ્યું હોય તો કવર પણ તેની સાથે સમીક્ષા કરવું જોઈએ.

પૂર સામેનો સાચો ઉકેલ માત્ર વીમો નથી. શહેરોમાં વરસાદી પાણીના નિકાલની મજબૂત વ્યવસ્થા, કુદરતી નાળા અને તળાવોના સંરક્ષણ, ગેરકાયદે દબાણ દૂર કરવા, પૂરપ્રવણ વિસ્તારોનું વૈજ્ઞાનિક આયોજન અને સમયસર ચેતવણી વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે. પરંતુ આ બધું હોવા છતાં કુદરતી આફતનું જોખમ સંપૂર્ણપણે દૂર થઈ શકતું નથી. તેથી સરકારની આપત્તિ વ્યવસ્થા સાથે વ્યક્તિગત નાણાકીય તૈયારી પણ જરૂરી છે.આજના સમયમાં ઘરનું વીમા કવર વૈભવ નહીં, પરંતુ જોખમ વ્યવસ્થાપનનો એક ભાગ માનવું જોઈએ. ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં દર વર્ષે ભારે વરસાદ, નદીના પૂર અથવા પાણી ભરાવાની શક્યતા રહે છે, ત્યાં પરિવારોએ પોતાની સંપત્તિનું જોખમ ગંભીરતાથી આંકવું જોઈએ. પોલિસી ખરીદતાં પહેલાં ‘પૂરનું કવર છે કે નહીં?’, ‘મકાન અને ઘરવખરી બંને આવરી લેવાય છે કે નહીં?’, ‘કઈ વસ્તુઓ બહાર છે?’, ‘ક્લેમની પ્રક્રિયા શું છે?’ જેવા પ્રશ્નો પૂછવા જોઈએ.પૂરનું પાણી થોડા કલાકોમાં ઊતરી જાય છે, પરંતુ તેનો આર્થિક ઘા મહિનાઓ સુધી રહે છે. તેથી પાણી સામે માત્ર રેતીની બોરી નહીં, પરંતુ નાણાકીય સુરક્ષાની પણ દીવાલ ઊભી કરવી પડશે. વીમો નુકસાન અટકાવતો નથી, પરંતુ નુકસાન પછી પરિવારને ફરી ઊભું થવામાં મદદ કરી શકે છે. આજની અનિશ્ચિત હવામાન પરિસ્થિતિમાં સાવચેતી, યોગ્ય વીમા કવર અને વ્યવસ્થિત દસ્તાવેજીકરણ—આ ત્રણેય સાથે હોય તો કુદરતી આફતનો આર્થિક આઘાત ઘણો ઓછો કરી શકાય છે.

# એશિયન ગેમ્સ માટે ભારતે ૩૬ રમતોમાં ૫૦૪ રમતવીરોને પસંદ કર્યા : સરકારની મંજૂરીની રાહ

નવીદિલ્હી,
ગત વખત કરતાં આ વખતે એશિયન ગેમ્સમાં ભારતનો દળ ઓછો હશે. ભારતે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ૪૦ રમતોમાં ૬૬૧ સભ્યોની ટીમ ઉતારી હતી, પરંતુ આ વખતે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનએ ૩૬ રમતોમાં ૫૦૪ ખેલાડીઓને મેદાનમાં ઉતારવા માટે સરકારની મંજૂરી માંગી છે. જેમાં ૨૭૫ પુરુષો અને ૨૨૯ મહિલાઓનો સમાવેશ થાય છે.

રમતગમત મંત્રાલયની મંજૂરી બાદ, ભારતીય દળમાં વધુ ઘટાડો અથવા થોડો વધારો થઈ શકે છે. ૫૦૪ ખેલાડીઓની સાથે, ૧૬૭ કોચિંગ અને સપોર્ટ સ્ટાફ ઉપરાંત ૬૮ વધારાના ટીમ અધિકારીઓ માટે મંજૂરી માંગવામાં આવી છે.

ક્રિકેટના કદને ધ્યાનમાં રાખીને, ગત એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર પુરુષ અને મહિલા ટીમોને સૌથી મોટી સપોર્ટ સ્ટાફ ટુકડીથી સજ્જ કરવામાં આવી રહી છે.બીસીસીઆઈએ ૧૫ સભ્યોની પુરુષ ટીમ અને ૧૫ સભ્યોની મહિલા ટીમ, ૧૦ સપોર્ટ સ્ટાફ સાથે મોકલવાનો નિર્ણય લીધો છે. દેશની સૌથી વધુ ૨૨ મેડલ જીતનાર શૂટિંગ ટીમમાં સાત ગોલ્ડ મેડલ સહિત ૩૦ સભ્યોની ટીમ પણ છે, પરંતુ ૧૫ સભ્યોના સપોર્ટ સ્ટાફની વિનંતી કરવામાં આવી છે.

ફફજી લક્ષ્મણને શ્રેયસ ઐયરની



આગેવાનીમાં પુરુષ ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સ્પિન બોલિંગ કોચ અને ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર સુનિલ જોશી સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે બોલિંગ કોચ રહેશે, જ્યારે અંડર-૧૯ ટીમના ડેવલપમેન્ટ કોચ ઋષિકેશ કાનિટકર બેટિંગ કોચ રહેશે. અમોલ મજુમદાર મહિલા ટીમનું નેતૃત્વ કરશે. અવિષ્કર સાલ્વી બોલિંગ કોચ રહેશે અને મુનિષ બાલી ફિલ્ડિંગ કોચ રહેશે. શુભદીપ ઘોષ પુરુષોની ટીમ માટે ફિલ્ડિંગ કોચ રહેશે. નિયમો અનુસાર, ટીમની ૩૩ ટકા તાકાત સપોર્ટ સ્ટાફને ફાળવવામાં આવે છે. મ્ઝ્રૈં એ દરેક ટીમની ૩૦ સભ્યોની ટીમ માટે ૧૦ સપોર્ટ સ્ટાફ ફાળવ્યા છે, જ્યારે વધારાના ટીમ અધિકારીઓ તરીકે ૧૦ વધારાના સપોર્ટ સ્ટાફની વિનંતી કરવામાં આવી છે.૫૦૪ ખેલાડીઓ, ૧૬૭ સપોર્ટ સ્ટાફ અને ૬૯ વધારાના ટીમ અધિકારીઓ મળીને કુલ ૭૪૦ સભ્યોની ટીમ બને છે. આમાં ચીફ ઓફ મિશન સહદેવ યાદવની આગેવાની હેઠળ ૧૯ સભ્યોની આઈઓએ ટીમનો પણ સમાવેશ થશે. આ માટે,આઈઓએ એ કુલ ૭૫૯ સભ્યોની ટીમ માટે સરકાર પાસેથી મંજૂરી માંગી છે.

# એશિયન ગેમ્સ માટે પાકિસ્તાન મહિલા ટીમના કોચ તરીકે વહાબ રિયાઝ અને ફાતિમા સના કેપ્તાની કરશે



કરાંચી,
પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે યુએઈમાં આગામી એશિયા કપ અને જાપાનમાં એશિયન ગેમ્સ માટે રાષ્ટ્રીય મહિલા ટીમના મુખ્ય કોચ વહાબ રિયાઝ અને અન્ય સપોર્ટ સ્ટાફ સભ્યોને જાળવી રાખ્યા છે. પાકિસ્તાને એશિયન ગેમ્સ માટે ટીમમાં સિનિયર બેટ્સમેન આલિયા રિયાઝનો સમાવેશ કર્યો છે, પરંતુ ફરીથી સિદ્રા અમીન અને સદાફ શમ્સને અવગણ્યા છે.

નિયમિત કેપ્ટન ફાતિમા સના બંને ટુર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ કરશે. એશિયા કપ ૨૮ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે, જેમાં પાકિસ્તાનને હોંગકોંગ-ચીન, ભારત અને થાઈલેન્ડ સાથે ગ્રુપ એમાં રાખવામાં આવશે. ગ્રુપ બીમાં બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.

એશિયા કપ માટે પાકિસ્તાનની મહિલા ટીમઃ ફાતિમા સના (કેપ્ટન), આયેશા ઝફર, ઈમાન નસીર, ઈમાન ફાતિમા, ગુલ ફિરોઝા, મોમિના રિયાસત, મુનીબા અલી સિદીકી (વિકેટકીપર), નાઝીહા અલ્વી, નશરા સુંધુ, સાદિયા ઈકબાલ, સાયરા જબીન, શવાલ ઝુલ્ફીકાર, તુબા હલીકાર, તુબા-હલાહ, તુબા-હલવી અપ્સર.

# ઓસ્ટ્રેલિયા હાર છતાં ડબ્લ્યુટીસી પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું : બાંગ્લાદેશ ભારતથી આગળ

ડાર્વિન,
બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. બાંગ્લાદેશે ડાર્વિનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ નવ વિકેટથી જીતી હતી. આ ઓસ્ટ્રેલિયન ભૂમિ પર ઓસ્ટ્રેલિયન ટીમ સામે બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટ જીત છે. આ મેચ હારવા છતાં, ઓસ્ટ્રેલિયાએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબ્લ્યુટીસી) પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. જોકે, ઓસ્ટ્રેલિયાએ ઉ્ઝ હેઠળ બીજા ક્રમે રહેલા દક્ષિણ આફ્રિકા સાથે પોતાનું અંતર ઘટાડ્યું છે.



પ્રથમ ઈનિંગમાં ૨૨૮ રનની મજબૂત લીડ મેળવ્યા બાદ, બાંગ્લાદેશે બીજા ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાને ૨૮૪ રનમાં ઓલઆઉટ કરી દીધું, જેના કારણે તેમને જીત માટે ફક્ત ૫૭ રનનો સામાન્ય લક્ષ્યાંક મળ્યો. જોકે તેઓ પ્રથમ ઈનિંગના સેન્ચ્યુરિયન તનઝીદ હસન તમીમને પાંચ બોલ પછી ગુમાવી દીધા, પરંતુ મુલાકાતીઓએ ફક્ત ૧૪.૨ ઓવરમાં અને ફક્ત એક વિકેટ ગુમાવીને સરળતાથી લક્ષ્ય હાંસલ કરી લીધું. બાંગ્લાદેશ માટે આ વિજય ઐતિહાસિક છે, કારણ કે તેઓએ અગાઉ ક્યારેય ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું ન હતું.

આ ઐતિહાસિક જીતથી ઉ્ઝ ૨૦૨૫-૨૭ ચક્ર પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશને ફાયદો થયો છે. બાંગ્લાદેશના હવે ૪૦ પોઈન્ટ છે, જ્યારે તેનો પીસીટી ૫૮.૩૩ થી ઘટીને ૬૬.૬૭ ટકા થઈ ગયો છે. બાંગ્લાદેશ હાલમાં ડબ્લ્યુટીસી પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે છે. હાર છતાં ઓસ્ટ્રેલિયા ટેબલમાં ટોચ પર છે, પરંતુ તેનો પીસીટી ઘટ્યો છે. આ મેચ પહેલા ઓસ્ટ્રેલિયાનો પીસીટી ૮૭.૫૦ હતો, જે હવે ઘટીને ૭૭.૭૭ ટકા થઈ ગયો છે. ૨૦૨૩ ઉ્ઝ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ વર્તમાન ચક્રમાં નવમાંથી બે ટેસ્ટ હારી છે. રસપ્રદ વાત એ છે કે, ઓસ્ટ્રેલિયાની બંને હાર ઘરઆંગણે થઈ છે. ભારત ૪૮.૧૫ ટકાના પીસીટી સાથે પાંચમા સ્થાને છે.

# ઓસ્ટ્રેલિયામાં બેટ અને બોલ બંનેથી મોટી સિદ્ધિ હાંસલ કરનાર મેહદી હસન મિરાઝ પ્રથમ એશિયન સ્પિનર

ડાર્વિન,
બાંગ્લાદેશે ડાર્વિનમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો. પરંતુ આ ઐતિહાસિક જીત વચ્ચે, મેહદી હસન મિરાઝે એક એવો રેકોર્ડ પણ નોંધાવ્યો જે એશિયન ક્રિકેટ માટે ખૂબ જ ખાસ છે. બેટ સાથે અડધી સદી અને પછી બોલ સાથે માસ્ટરક્લાસ સાથે, મેહદીએ ઓસ્ટ્રેલિયન ધરતી પર નવો ઈતિહાસ રચ્યો. હકીકતમાં, આ સ્ટાર બાંગ્લાદેશી ઓલરાઉન્ડરે પ્રથમ ઈનિંગમાં નંબર ૭ પર બેટિંગ કરતી વખતે ૧૫૪ બોલમાં ૬૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ, બીજી ઈનિંગમાં બોલિંગની જવાબદારી સંભાળતા, તેણે ૬૬ રન આપીને ૫ વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયા સામે બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટ જીતમાં તેમના શાનદાર પ્રદર્શને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મેહદી હસન મિરાઝ હવે ઓસ્ટ્રેલિયામાં એક જ ટેસ્ટ મેચમાં અડધી સદી ફટકારનાર અને પાંચ વિકેટ લેનાર પ્રથમ એશિયન સ્પિનર બન્યા છે. છેલ્લા ૧૪૯ વર્ષોમાં, ફક્ત ૧૩ સ્પિનરોએ ઓસ્ટ્રેલિયાની ધરતી પર એક ટેસ્ટ મેચમાં ૫૦ થી વધુ રન બનાવવા અને પાંચ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે. આ ૧૩ ખેલાડીઓમાંથી, ચાર ઈંગ્લેન્ડના છે અને સાત ઓસ્ટ્રેલિયાના છે. મેહદી પહેલા, ન્યુઝીલેન્ડના



ભૂતપૂર્વ કેપ્ટન ડેનિયલ વેટોરી આ યાદીમાં સ્થાન મેળવનાર એશિયાની બહારના એકમાત્ર ખેલાડી હતા. નવેમ્બર ૨૦૦૪માં એડિલેડ ટેસ્ટમાં વેટોરીએ પ્રથમ ઈનિંગમાં પાંચ અને બીજી ઈનિંગમાં ૫૯ રન બનાવ્યા હતા.

મેહદી આ સિદ્ધિ મેળવનાર પાંચમો એશિયન ખેલાડી છે. તેમના પહેલા ભારતના રુસી સુરતી અને કપિલ દેવ, અને પાકિસ્તાનના વસીમ અકરમ અને આમેર જમાલે આ સિદ્ધિ મેળવી છે.

# મુકેશ ખન્નાએ 'જન ગણ મન' પર વાંધો ઉઠાવતા કહ્યું, "તે રાણી એલિઝાબેથના સન્માનમાં હતું



મુંબઇ,
મુકેશ ખન્ના તેમની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા છે. તાજેતરમાં, અભિનેતા તેમના નિવેદન માટે સમાચારમાં રહ્યા છે. તેમણે વંદે માતરમ અંગે સરકારને અપીલ કરી છે.

શક્તિમાન ફેમ મુકેશ ખન્નાએ જણાવ્યું હતું કે, "જન ગણ મન" રાણી એલિઝાબેથ ના માનમાં લખાયેલું હતું અને તે ભારતનું રાષ્ટ્રગીત નથી. તેના બદલે, તે "વંદે માતરમ" છે, જે લતા મંગેશકર દ્વારા ગાયું હતું. મુકેશ ખન્નાએ એ પણ ખુલાસો કર્યો કે તેમણે બે વર્ષ પહેલા "વંદે માતરમ" રેકોર્ડ કર્યું હતું અને ટૂંક સમયમાં તેને રિલીઝ કરશે.

મુકેશે પોતાની વાતચીતમાં આગળ કહ્યું, "ત્રણ વર્ષ પહેલાં, મેં કહ્યું હતું કે "વંદે માતરમ" ને રાષ્ટ્રગીત બનાવવું જોઈએ. આ "જન ગણ મન" આપણું નથી. રવીન્દ્રનાથ ટાગોરે આને રાણી એલિઝાબેથ દ્વિતીયના સમય દરમિયાન તેમના માનમાં ભજન તરીકે લખ્યું હતું. અમે તે સ્વીકાર્યું. "ભાગ્ય વિધાતા પંજાબ સિંધ," અરે, તે આપણું નથી. આપણું "વંદે માતરમ" છે, જે લતાજીએ ગાયું છે.મુકેશ ખન્નાએ પોતે વંદે માતરમ ગીત રેકોર્ડ કર્યું છે. તે એક વર્ષમાં તેને રિલીઝ કરશે. આગળ તેમની વાતચીતમાં, અભિનેતાએ પીએમ મોદીની પ્રશંસા કરી.

# અભિનેતાની ક્ષમતા તેમની ઉંમર અથવા તેમના સહ-કલાકારની ઉંમર દ્વારા નક્કી ન કરવી જોઈએ,સોમી અલી

મુંબઇ,
ગોવિંદા અને સુનિતા આહુજા વચ્ચેનો ઝઘડો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. દરમિયાન, "હીરો નંબર ૧" સાથે કામ કરનાર સોમી અલીએ અભિનેતાના સમર્થનમાં એક ખાસ પોસ્ટ શેર કરી. પોસ્ટમાં, અભિનેત્રીએ આ બાબતે બોલવાની અને જરૂર પડે ત્યારે ગોવિંદાને ટેકો આપવાની ઈચ્છા વ્યક્ત કરી. તેણીએ સમજાવ્યું કે તે ગોવિંદાને વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને રીતે ખૂબ સારી રીતે જાણે છે. તેણીના મતે, ગોવિંદા હિન્દી ફિલ્મ ઉદ્યોગની શ્રેષ્ઠ પ્રતિભાઓમાંની એક છે, અને તે એક સારા અભિનેતા જેટલા નમ્ર વ્યક્તિ છે.



સોમી અલીએ તેની પોસ્ટમાં લખ્યું, "હું અહીં મારા વિચારો વ્યક્ત કરવા માંગુ છું કારણ કે બીજું કોઈ આવું કરશે નહીં, પરંતુ જો જરૂર પડે તો હું ચોક્કસપણે તમને ટેકો આપીશ. હું ગોવિંદાને વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને રીતે ઓળખું છું, તેથી હું બંને દ્રષ્ટિકોણથી તેના વિશે થોડી વાતો કહી શકું છું. 'ચિચી' હિન્દી ફિલ્મ ઉદ્યોગની શ્રેષ્ઠ પ્રતિભાઓમાંની એક છે અને ઉદ્યોગમાં મારા સમયમાં મને મળેલા સૌથી નમ્ર કલાકારોમાંનો એક છે. હું ચિચી અને સુનિતા બંનેનો ખૂબ આદર કરું છું." એક અભિનેતાનું મૂલ્ય તેમની ઉંમર કે તેમના સહ-કલાકારોની ઉંમરથી નક્કી થતું નથી, પરંતુ તેમની પ્રતિભા, વ્યાવસાયીકરણ અને કામ કરતા રહેવાના દ્રઢ નિશ્ચયથી નક્કી થતું નથી. પ્રતિભાની કોઈ સમાપ્તિ તારીખ હોતી નથી. જ્યારે કામ મુશ્કેલ હોય ત્યારે પણ, કામ ચાલુ રાખવાનો નિર્ણય આદરને પાત્ર છે, ઉપહાસને પાત્ર નથી. મૂલ્ય ઉંમરથી નહીં, પરંતુ પ્રતિભાથી નક્કી થાય છે .સોમી અલી, અભિનેતાના કાર્યની પ્રશંસા કરતા, તે જ પોસ્ટમાં આગળ ઉમેરે છે, "એક અભિનેતાનું મૂલ્ય તેમની ઉંમર કે તેમના સહ-કલાકારોની ઉંમરથી નક્કી થતું નથી. તે તેમની પ્રતિભા, વ્યાવસાયીકરણ અને આગળ વધવાની ઈચ્છાથી નક્કી થાય છે. જ્યારે તકો મળવા મુશ્કેલ હોય છે, ત્યારે બીજી તક મળવાની ઉજવણી કરવી જોઈએ. દરેક અભિનેતા પાસે એ સાબિત કરવાની તક હોવી જોઈએ કે તેમની પાસે હજુ પણ કંઈક અર્થપૂર્ણ છે. જે વ્યક્તિ ફક્ત કમાણી કરવાનો પ્રયાસ કરી રહી છે તેની સામે ઉંમર ક્યારેય હથિયાર ન હોવી જોઈએ." કદાચ એક અભિનેતા વિશે સૌથી પ્રશંસનીય બાબત એ છે કે જ્યારે ઉદ્યોગ અથવા અન્ય લોકો તેને કહેવાનું શરૂ કરે છે કે તે ખૂબ વૃદ્ધ છે, ત્યારે પણ તે હાર માનવાનો ઈનકાર કરે છે અને કામ કરવાનું ચાલુ રાખે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | એ | ઇ | ડ | ગુ | લા | મ | ચ | દા | ચ | લી | ર |
| ર | પ્ર | મ | ર | તુ | ગ | મો | અ: | ક | ક | મ | ણે |
| વા | રી | ક્રો | ક | ફ | સા | ર | કી | ણે | ચા | હિ | ચી |
| વા | ઇ | ભ | હા | વા | અ | કા | ર | આ | ગુ | ર | તી |
| કા | વિ | ક | અ | ણ | પ્ર | કા | ઔ | મા | ળો | મા | કા |
| ન | વા | સા | ઈ | ગ | સા | તી | ન | પ્રા | ન | એ | ભો |
| લી | ક | ર | ર | દ | અ | રો | ક્ષ | વ | મો | અં | મા |
| બ | ખ | બ | બ | ખ | કા | વિ | ફ | ગ | બા | રી | ળ |
| મા | ગુ | કા | જ્ઞા | ક | તુ | ડ | ર | રો | બં | સ | મ |
| અ | મ | ન | ન | ગ | તા | મ | કા | મા | મા | ખ | કા |
| રો | ના | ક | ઝ | ન | પ | રો | બૂ | ણિ | ઉ | એ | અ |
| જી | મ | લ | ગ | લ | સ | ર | ઈ | શ | ણિ | દ | ક |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# બ્રેકઅપની અફવાઓ પછી ઋતિક રોશન અને સબા આઝાદ હાથમાં હાથ નાખીને જોવા મળ્યા



મુંબઇ,
અભિનેતા ઋતિક રોશન ઘણીવાર તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે જોવા મળે છે. બંને એકબીજાને પ્રેમથી ભરી દે છે. દરમિયાન, ઋતિક રોશનનો એક કથિત સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો. સ્ક્રીનશોટમાં ડેટિંગ એપ પર ઋતિક રોશનની પ્રોફાઈલ દેખાઈ. સ્ક્રીનશોટ વાયરલ થયા પછી તેમના બ્રેકઅપની અફવાઓ ફેલાઈ. આ અફવાઓ પછી, બંને ફરી એકવાર હાથ પકડીને જોવા મળ્યા.

ઋતિક અને સબાએ ૨૦૨૧ માં ડેટિંગ શરૂ કર્યું અને કરણ જોહરના ૫૦મા જન્મદિવસની પાર્ટીમાં સાથે હાજરી આપીને તેમના સંબંધોને સત્તાવાર બનાવ્યા. ઋતિકના પહેલા લગ્ન સુઝાન ખાન સાથે થયા હતા. તેમના ૨૦૧૪ માં છૂટાછેડા થયા હતા.

અભિનેતા હજુ પણ તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાન સાથે સારી મિત્રતા જાળવી રાખે છે. સબા ઘણીવાર તેમની સાથે ફરતી જોવા મળે છે. ઋતિક સુઝાન ખાનના વર્તમાન બોયફ્રેન્ડ, અર્સલાન ગોની સાથે પણ સારો સંબંધ ધરાવે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, સુઝાન ખાનની બહેન, ફરાહ ખાન અલીએ સમજાવ્યું કે ભૂતપૂર્વ યુગલો એકબીજા સાથે કેવી રીતે આટલા આરામદાયક છે.

# અભિનેત્રી અનન્યા રાજનું ૨૭ વર્ષની ઉંમરે અવસાન, તેમના પરિવારે એક મહિના પછી મૃત્યુની જાણ કરી

મુંબઇ,
અભિનેત્રી અનન્યા રાજના મૃત્યુના સમાચાર સામે આવ્યા છે. આ માહિતી તેમના પરિવાર દ્વારા તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરવામાં આવી હતી. પરિવારે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે અનન્યાનું એક મહિના પહેલા ૧૫ જુલાઈના રોજ અવસાન થયું હતું. અનન્યા એક વર્ષથી વધુ સમયથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે ઝઝૂમી રહી હતી.



અનન્યા રાજના પરિવારે અનન્યા રાજના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કર્યું, "આ અનન્યાનો પરિવાર છે. ખૂબ જ દુ:ખ સાથે અમે ૧૫ જુલાઈની વહેલી સવારે અનન્યાના અવસાનની જાહેરાત કરીએ છીએ. તેણીનું નિધન શાંતિથી ઊંઘમાં થયું. એક વર્ષથી વધુ સમયથી, તે શારીરિક અને માનસિક સમસ્યાઓ સામે લડી રહી હતી, અને તે તેને દૂર કરવા માટે યોદ્ધાની જેમ લડી રહી હતી."

પોસ્ટમાં આગળ લખ્યું છે, "તે ખૂબ જ મજબૂત ઈચ્છાશક્તિ ધરાવતી છોકરી હતી અને રાણીની જેમ જીવતી હતી. બાળક, તમારી ખૂબ જ યાદ આવશે. અમે તમને બધાને વિનંતી કરીએ છીએ કે તમે તેના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરો. અને આ મુશ્કેલ સમયમાં, અમે અમારી ગોપનીયતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ."

અનન્યા રાજનું ૨૭ વર્ષની ઉંમરે અવસાન થયું. અનન્યા રાજે બોલિવૂડ ફિલ્મો ૭ અવર્સ ટુ ગો, ધ ફાઈનલ એક્ઝિટ અને ઘોસ્ટમાં કામ કર્યું. અનન્યા રાજે હિન્દી અને પ્રાદેશિક સિનેમામાં કામ કર્યું. તેણીએ ઘણા મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું.

અનન્યાની પહેલી બોલિવૂડ ફિલ્મ, ૭ અવર્સ ટુ ગો, ૨૦૧૬ માં રિલીઝ થઈ હતી. તે પછીના વર્ષે, ૨૦૧૭ માં, અનન્યા રાજની ફિલ્મ "ધ ફાઈનલ એક્ઝિટ" રિલીઝ થઈ હતી. ત્યારબાદ, ૨૦૧૯ માં, અનન્યા રાજ ફિલ્મ "ઘોસ્ટ" માં જોવા મળી હતી.

# ખંભાળિયા ખાતે જિલ્લા કક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી











દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની આન, બાન અને શાન સાથે ઉજવણી જિલ્લા કલેકટર રાજેશ તન્નાના અધ્યક્ષસ્થાને પોલીસ પરેડ ગ્રાઉન્ડ, જામખંભાળિયા ખાતે કરવામાં આવી હતી. કલેકટરએ ગૌરવ સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવીને પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા સાથે પરેડ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ સંપૂર્ણ 'વંદે માતરમ' નુ સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લાવાસીઓને સ્વતંત્રતા દિવસની હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવતા જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ કહ્યું હતું કે, આજનો દિવસ એ આપણા દેશને આઝાદી અપાવનારા અનેક નામી, અનામી શહીદોને સ્મરણ કરવાનો અવસર છે. આ શહીદોના ત્યાગ અને બલિદાનને પરિણામે આજે આપણે સૌ મહામૂલી આઝાદીના મુક્ત વાતાવરણમાં જીવી રહ્યા છીએ. આજનો દિવસ માત્ર શહીદોને સ્મરણ કરવાનો નહીં પરંતુ આપણી જવાબદારીઓ તેમજ ફરજો નિભાવવા અને મહામૂલી આઝાદીનું જતન કરવા માટેનો સંદેશ આપતો અવસર છે.

તેમજ દ્વારકાધીશની પાવન ભૂમિ પરથી જિલ્લાના પ્રજાજનોને હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

વધુમાં કલેકટરએ કહ્યું કે, બ્રિટિશરોની ગુલામી સામે સંઘર્ષ કરીને, લાઠી-ગોળી ખાઈને આપણી મા ભારતીને સ્વતંત્રતા અપાવનારા શહીદ વીરો, ક્રાંતીવીરોનું સ્મરણ કરવાનો આ અવસર છે. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ, સુખદેવ, રાજગુરૂ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક સપૂતો આ દેશની માટીએ આપ્યા છે.૨૧મી સદીનું ભારત આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે આપણું પણ કર્તવ્ય છે કે આપણે આપણા દેશના વિકાસમાં યોગદાન દઈએ.

આપણા દેશની આઝાદી માટે શહિદી વહોરનારા સપૂતોએ ભાવિ પેઢી સ્વતંત્ર રહી તેમના જીવનનો અને સમાજનો વિકાસ કરે તેવા ઉન્નત ભારતનું સ્વપ્ન સેવ્યુ હતું. આ સપનાને સાકાર કરવા વડાપ્રધાનએ દેશની જનતાને ભારતના નવ નિર્માણમાં સાથે રાખીને વર્ષ ૨૦૪૭માં રાષ્ટ્રને વિકસિત બનાવવાનું અભિયાન છેડયું છે. રાષ્ટ્ર માટે જીવવાનો આ સમય છે. તેમ ઉમેર્યું હતું.

રાજ્યની વિકાસગાથામાં દેવભૂમિ દ્વારકા જિલ્લો પણ પોતાનું યોગદાન આપી રહ્યો છે તેમ જણાવતા કલેકટરએ કહ્યું કે, પ્રવાસન ક્ષેત્રે આપણો જિલ્લો પહેલેથી જ અગ્રેસર રહ્યો છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ સુદર્શન સેતુનું નિર્માણ થતા દ્વારકા આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમજ બ્લુ ફ્લેગ શિવરાજપુર બીચ આજે પ્રવાસીઓની પસંદગી પાત્ર સ્થળોમાં મોખરાનું સ્થાન પામ્યો છે. તેમજ દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા, નાગેશ્વર જ્યોર્તિલિંગ, હરસિદ્ધિ માતા મંદિર, ઘુમલી, કિલેશ્વર મહાદેવ સહિત અનેક તીર્થ તથા પર્યટન સ્થળોને પરિણામે પ્રવાસીઓ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અને એમાં પણ હવે ગુજરાતની શાન અને અસ્મિતાનું પ્રતીક સમા એશિયાઈ સિંહોએ બરડા ડુંગરને પોતાના દ્વિતીય નિવાસસ્થાન પર પરત ફર્યા છે જે જિલ્લાવાસીઓ માટે ગૌરવની ક્ષણ છે તેમ હર્ષભેર જણાવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની વિકાસયાત્રાને ઉલ્લેખિત કરતા કલેકટરએ જણાવ્યું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્યની પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બની છે. જામખંભાળિયા જનરલ હોસ્પિટલને ડ્ઊછજી સર્ટિફિકેટ મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો શિક્ષણ ક્ષેત્રે અનેક સિદ્ધિ હાંસલ કરી રહ્યો છે ત્યારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત કુલ ૭ હજાર કરતા વધારે બાળકો પ્રવેશ મેળવ્યો હતો. તેમજ ઈ્ઈ એક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૩,૮૫૫ જેટલા બાળકોને વિનામૂલ્યે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે.

૮૦માં સ્વાતંત્ર્ય દિવસ નિમિતે વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના સંદેશ આપતા અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતાં. જેમાં રાધા કૃષ્ણ ફ્યુઝન, કસુંબીનો રંગ, પિરામીડ, દાંડી માર્ચ, સાંસ્કૃતિક ગરબા સહિતની કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. પરેડમાં એન.સી.સી. પુરૂષ પ્લાટુન, હોમગાર્ડ પ્લાટુન, પોલીસ પુરૂષ પ્લાટુન, પોલીસ મહિલા પ્લાટુન, એસ.આર.ડી. પ્લાટુન, એન.સી.સી. મહીલા પ્લાટુન એમ કુલ ૬ પ્લાટુન જોડાઈ હતી.

જિલ્લાના વિકાસ કાર્યોને વેગવંતુ બનાવવા જિલ્લા કલેકટરએ રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા આયોજન અધિકારીને આપવા આવ્યો હતો. ઉપરાંત જિલ્લાના વિવિધ ક્ષેત્રો જેવા કે પોલીસ, આરોગ્ય, મહેસૂલ સહિતના વિભાગના કર્તવ્યનિષ્ઠ કર્મયોગીઓને મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમજ મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ મોદીના પરિવારજનનું સન્માન શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણીના અવસરે રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયા, અગ્રણી મયુરભાઈ ગઢવી, પ્રતાપભાઈ પિંડારિયા, નિવાસી અધિક કલેક્ટર એમ.વી.દેસાઈ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એચ.પી.જોશી, પ્રાંત અધિકારી કે.કે.કરમટા સહિત સ્વાતંત્ર્ય સેનાનીઓ, પ્રબુદ્ધ નાગરિકો, વિદ્યાર્થીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દેશભક્તિના રંગમાં રંગાઈ જામનગરની રતનબાઈ મસ્જીદ, ધ્વજવંદન કરાયું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ૮૦માં સ્વતંત્ર પર્વ નિમિત્તે જામનગરની રતનબાઈ મસ્જીદ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ તકે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતના આયોજનો થયા હતાં. જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, બાળકો અને સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ રતનબાઈ મસ્જીદના ટ્રસ્ટી સૈયદ ફૈઝાનબાપુ ચિશ્તીની આગેવાનીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં કિરીટભાઈ મેહતા, હાજી કાદરબાપુ જુણેજા, મેહમુદભાઈ વેહવારીયા, રચનાબેન માડમ, ડો. શેખ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

## દ્વારકામાં આડેધડ બાંધકામની મુકસંમતિથી નગરની સુંદરતા, ટ્રાફિક નિયમનને અડચણ

### ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેજર્સ એક્ટ તેમજ ટાઉન પ્લાનિંગ એક્ટ અને GDCRની પણ ધાજીયા ઉડાવે છે

જામનગર : દ્વારકા નગરપાલિકા મંજૂરીઓના મામલામાં વગોવાયેલી છે, અને માટે જ કદાચ સાચી સ્થિતિનું વર્ણન આપતા ડર અનુભવે છે. જાણકારો કહે છે કે દ્વારકામાં હોટલ સહિતના કોમર્શિયલ બાંધકામોની નિયમ મુજબ ત્રણ માળની મંજૂરી આપી શકાય છે છતાંય વધુ માળ ચણવાની મુકસંમતી નગરપાલિકાના ચોક્કસ વ્યક્તિ સાથે "ગોઠવણ" થાય તો મળી જાય છે તેમ ખુદ અમુક બાંધકામ કરનારા અને જોનારાઓમાં ચર્ચા છે.

કેમ કે કાયદા મુજબ પ્લોટની સામેનો રસ્તો ઓછામાં ઓછો ૧૨ મીટર (આશરે ૪૦ ફૂટ) કે તેથી વધુ પહોળો હોવો જોઈએ.FSI (Floro Space Index): દ્વારકા જેવા નગરપાલિકા વિસ્તારમાં ઝોનિંગ (Zoning) મુજબ સામાન્ય રીતે ૧.૫ થી ૨.૭૫ સુધીની FSI મળવાપાત્ર થાય છે. આનો અર્થ એ કે પ્લોટના કદના પ્રમાણમાં કેટલા ચોરસ મીટરનું કુલ બાંધકામ કરી શકાય તે નક્કી થાય છે. કોમર્શિયલ બાંધકામમાં કુલ વપરાશના એરિયા (Built-up Area)ના ઓછામાં ઓછા ૨૦% થી ૩૦% જગ્યા માત્ર અને માત્ર પાર્કિંગ માટે અનામત રાખવી ફરજિયાત છે.

ગ્રાઉન્ડ ફ્લોર પર અથવા બેઝમેન્ટ (ભોંયરૂં) બનાવીને પાર્કિંગની સુવિધા આપવી પડે છે. રસ્તાની પહોળાઈ અને બિલ્ડિંગની ઊંચાઈના આધારે રોડની બાજુએ ઓછામાં ઓછી ૩ થી ૬ મીટર જગ્યા ખુલ્લી છોડવી પડે છે હવે આ બધી બાબતો મુજબ બંધન કર્યા બાદ જ કમ્પ્લિશન સર્ટિફિકેટ અને બી.યુ.પ્રમોશન મળે છે સાથે સાથે દ્વારકા માં જગતમંદિર સહિત જે જે બીજા પણ પુરાતન રક્ષિત સ્થાન છે તેના ૩૦૦ મીટર માં તો બાંધકામની જ મનાઈ છે છતાંય કરોળિયાના જાળાની જેમ બાંધકામ વધે છે કેમ?? દરમ્યાન બીજો સ્ફોટક વિષય છે રિનોવેશન અંગેની અરજીઓનો અને ઝોન અંગેનો, તેમજ કમ્પ્લિશન કે બીયુ કેમ લેવાતા નથી અને શુ કામ અપાતા નથી?? દ્વારકાની આ સંવેદનશીલ સ્થિતિ વિશે નિષ્ણાતોના અવલોકનો મળ્યે પર્દાફાશ થઈ શકશે

### ખરેખર કાયદો શું છે??

દ્વારકા શહેરમાં વેપારી કોમ્પ્લેક્સ, હોટેલ, ગેસ્ટહાઉસ, શોરૂમ અને અન્ય કોમર્શિયલ બાંધકામો ઝડપથી વધી રહ્યા છે. આવા બાંધકામોને મંજૂરી આપતી વખતે ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ અધિનિયમ સંબંધિત (DCR/GDCR) તથા રાજ્ય સરકારના નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. જો મંજૂરી પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન થાય, નકશા કરતાં વધારે બાંધકામ થાય, FSI માં ગેરરીતિ થાય અથવા "વહીવટ" ના આધારે પરવાનગી આપવામાં આવે, તો માત્ર સરકારને જ નહીં પરંતુ ખરીદદારો અને રોકાણકારોને પણ મોટું નુકસાન થઈ શકે છે. જમીનનું ઝોનિંગ, માલિકીના દસ્તાવેજો, NA સ્થિતિ, મંજૂર બિલ્ડિંગ પ્લાન, પાર્કિંગ વગેરે સાથે વરસાદી પાણી નિકાલ, ગટર અને પર્યાવરણ સંબંધિત નિયમો સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું આ પરવાનગી મંજૂરી, સરકારના પત્ર મુજબ સ્પષ્ટ છે. અને નિયમો મુજબની આ પ્રક્રિયા પારદર્શક રીતે અમલમાં આવે તો ગેરકાયદે બાંધકામ અટકાવી શકાય છે. જો કે, જ્યાં નિયમોના અમલમાં બેદરકારી કે ભ્રષ્ટાચારના આક્ષેપો થાય ત્યાં શહેરના આયોજન પર લાંબાગાળાની નકારાત્મક અસર પડી શકે છે.

## હોમગાર્ડઝ જવાનની સતર્કતા અને તિરંગા પ્રત્યેનો પ્રેમ

જામનગર : ગત શનિવારે વહીવટી તંત્ર દ્વારા આયોજીત તિરંગા યાત્રા દરમ્યાન સાથે જોડાયેલા હોમગાર્ડઝ સભ્યો પૈકી સીટી-એ યુનિટના સભ્યોનું ધ્યાન એક થાંભલા પર કોઈની ભુલથી લાગેલા ઉલ્ટા લગાવેલા તિરંગા પર પડતાં., તાત્કાલિક ધીમંત જેઠવા હોમગાર્ડઝ સભ્યએ થાંભલા પર ચડી ઉલ્ટો ધ્વજ ઉતારી તિરંગા પ્રત્યેનો પોતાનો પ્રેમ અને રાષ્ટ્ર ધ્વજનું સમ્માન જાળવેલ હતું.

તમામ હોમગાર્ડઝ જવાનોને રાષ્ટ્ર અને તિરંગા પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ તથા માન સમ્માન જળવાઈ રહે એવી જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા અવારનવાર વિનંતી કરવામાં આવે છે.



## સલાયા લોહાણા મહાજન આયોજિત ૧૦૮ સમૂહ રાંદલ માતાજીના લોટા ઉત્સવ સંપન્ન



તસવીર : આનંદ લાલ-સલાયા



સલાયા : સલાયા લોહાણા મહાજન દ્વારા ૧૦૮ સમૂહ રાંદલ માતાજીના લોટા ઉત્સવનું સુંદર આયોજન ૧૬ તારીખ રવિવારે કરાયું હતું. જેમાં ૮૦૦ જેટલી ગોરણીઓએ મહાપ્રસાદ લીધો હતો.સમગ્ર વાતારવરણ ભક્તિમય બન્યું હતું.

આ ધાર્મિક કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસપી જયરાજસિંહ વાળા, સલાયા પીઆઈ જે.એમ.ચાવડા, આઈ હિરલ માં, પ્રસિદ્ધ ભજનિક પરસોતમ પરીબાપુ, વરિષ્ઠ પત્રકાર રમણીકભાઈ રાડિયા, પત્રકાર કુંજન ભાઈ રાડિયા, ભાજપ અગ્રણી ઈન્દ્રજીતસિંહ પરમાર, ખંભાળિયા ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા,ખંભાળિયા નગર પાલિકા સદસ્ય મોહિતભાઈ મોટાણી,ઘેલુભા જાડેજા, પત્રકાર જયસુખભાઈ મોદી, વિમલભાઈ વૃજલાલ દાવડા, અનિલભાઈ પંચમતિયા, દીપકભાઈ પ્રેમજીભાઈ મોદી, મિલનભાઈ કોટેચા સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહી અને માતાજીના દર્શન અને પૂજનનો લાભ લીધો હતો.

આટલી મોટી સંખ્યામાં દીકરીઓને પ્રસાદ લેતા જોઈ સૌ કોઈ ખૂબ રાજી થયા હતા.આ તમામ આયોજન સલાયા લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ લાલ,ઉપપ્રમુખ અરવિંદભાઈ ભાયાણી, સેક્રેટરી વૃજલાલ બથિયા, તેમજ લોહાણા નવરાત્રી મહોત્સવ સમિતિ પ્રમુખ સુરેશભાઈ બારાઈ અને ઉપપ્રમુખ લાલજીભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ થયું હતું.સમસ્ત હિન્દુ સમાજના ભાઈઓ અને બહેનોએ પણ મહાપ્રસાદ લીધો હતો.સમગ્ર આયોજનમાં સમસ્ત હિન્દુ સમાજના લોકોએ સાથ સહકાર આપ્યો હતો.

## જામનગરની મુલાકાત લેતા આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદના અધ્યક્ષ તોગડીયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સ્થાપક અધ્યક્ષ હિન્દુ હૃદય સમ્રાટ ડોક્ટર પ્રવીણભાઈ તોગરીયાજામનગરમાં સંગઠન બેઠકમાં વિશેષ ઉપસ્થિત સાથે કેન્દ્રીય મંત્રી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ ગુજરાત પ્રદેશ રાષ્ટ્રીય કિસાન પરિષદ પ્રભારી સૌરાષ્ટ્ર પ્રાથમિક સંગઠન મહામંત્રાનિર્મલસિંહભાઈ ખુમાન વિશેષ ઉપસ્થિતિમાં આગામી દિવસોમાં ૨૫ લાખ ઘર સંપર્ક ગલીયા ગલીએ સોસાયટીઓમાં હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે.

સમગ્ર ભારતમાં એક લાખથી પણ વધારે હનુમાન ચાલીસા કેન્દ્ર માધ્યમ દ્વારા હિન્દી સમાજનું સંગઠન કરવું જેનો વિશ્વાસ માર્ગદર્શન ડોક્ટર ભાઈ તોગડિયા દ્વારા કાર્યકર્તાઓને મળેલ.

સંગઠન મજબૂત બને જેના ભાગરૂપે વિવિધ જવાબદારીઓ જિલ્લા મંત્રી અમિતભાઈ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જામનગર શેર ઉપાધ્યક્ષ વિરલભાઈ ત્રિવેદી, જામનગર મીડિયા સેલ ઈન્ચાર્જ ધર્મેશભાઈ રાવલ, સહાય ઈન્ચાર્જ સચીનભાઈ જોશી, રાષ્ટ્રીય બજરંગ શહેર મંત્રી પારસભાઈ, રાષ્ટ્રીય મહિલા પરિષદ શહેર હર્ષિદાબેન મહેતા, રાષ્ટ્રીય મહિલા પરિષદ મંત્રી નિયતીબેન પાબારીને નવી જવાબદારી સોપાઈ હતી. કાર્યક્રમનો સંચાલન અમિતભાઈ તાલપરાએ કર્યું હતું. બેઠકનો સફર બનાવવા વિભાગ સંગઠન મંત્રી હિતેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી અને શહેર પ્રમુખ વિશાલભાઈ પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રાવણ માસના સોમવારે જિલ્લા જેલમા કેદીઓ માટે ફરાળ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં કેદી ભાઈઓ માટે વી.વી.ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી પ્રભદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હૉલ - જલારામ સેવા ટ્રસ્ટ હાપા તરફથી કેદી ભાઈઓ , બહેનો માટે ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તકે જેલ સુપરિટેન્ડેન્ટ પી.પી. પટેલ, જેલર બી.વી. રાયજાદા, ગલબા, ઠાકોર તથા જનરલ સુબેદાર હીમતસિંહ બારડના સૂચન મુજબ તેમજ નટુભાઈ ત્રિવેદી, નવનીતભાઈ સોમૈયા ભાવેશભાઈ દત્તાણી તથા ધીરેન દતાણી તથા સંસ્થાનાં કાર્યકરો દ્વારા જિલ્લા જેલમાં ૧૫૦ કેદીઓ માટે ફરાળ પહોચતું કરવામાં આવ્યું હતું.

## શ્રાવણ માસના સોમવારે પંચાયત કેફેમાં મોબાઈલથી શિવભક્તિ કરતી હિન્દુ સેના



જામનગર : શ્રાવણ માસ દરમિયાન ગુજરાતમાં હિન્દુ સેના દ્વારા ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન શિવજીની આરાધના કરતા જામનગરના સૈનિકોએ સમાજમાં ધર્મ સંગઠન અને જાગૃતતાને માટે ૫૧,૦૦૦ હિન્દુ લોકોને ઓનલાઈન સાથે વોટ્સએપ ના માધ્યમથી ૐ નમઃ શિવાય મંત્ર જાપના મેસેજ સાથે સંપર્ક કરી ૫,૨૫,૦૦૦ (સવા પાંચ લાખ) હિન્દુ લોકો સુધી મેસેજ પહોંચાડવા કુલ ૨૦૨૬ વોટસએપ ગ્રુપનો અને વધુ ઈન્સ્ટાગ્રામ તેમજ ફેસબુકનો ઉપયોગ કરેલો.

હિન્દુ સેના દ્વારા શિવજીના મેસેજ facebook, whatsapp, instagram દ્વારા વિદેશોમાં પહોંચાડેલ.ભારત સિવાય ત્રણ દેશોમાં 111 email, 11000 whatsapp થી મેસેજ કરેલ. જેથી આજ નો યુવાન પણ પાન ના ગલ્લે, લારીએ પોતાના મોબઈલમાં રિલ્સ અને ગેમ માં ખોવાયેલો રહે છે જેને કાફે, પાનના ગલે કે લારીએ ઉભીને પણ ઈન્ટરનેટનો ઉપયોગ કરી શિવભક્તિ કરી શકે છે આજની "GEN– Z" આવતી પેઢીને પ્રેરણા આપે તે હેતુથી હિન્દુ સેનાનો આ કાર્યક્રમ હતો.જેમાં હિન્દુ સેના જામનગર શહેર યુવા પ્રભારી કિશન નંદા અને કોલેજીયન પ્રભારી ઓમ ભાનુશાળીના આયોજનથી સમર્પણ હોસ્પિટલ પાસે આવેલ પંચાયત કેફેમાં હિન્દુ સેના સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદનની આગેવાનીમાં જામનગર શહેર યુવા ઉપપ્રમુખ મંથન અઘેરા, યુગ નંદા, ગણેશ ભોજવાની, મંથન પારેખ, આનંદ કનખરા, હેપ્પી પ્રજાપતિ, દિવ્યાંશ, હિન્દુ સેના શક્તિ વાહિની પ્રમુખ ક્રીશા દવે, ઝીલ મચ્છર સહિત સમર્પણ હોસ્પિટલ પાસે, પંચાયત કેફેમાં ખાસ ઉપસ્થિ?ત રહી ઓન લાઈન શિવજીની આરાધના ઈન્ટરનેટના માધ્યમ થી મોબાઈલ દ્વારા કરી કરી હતી.

## ધ્રોલના પીઆઈની બદલી થતા સ્થાનિક પત્રકારોએ આપી વિદાય



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે છેલ્લા અંદાજીત બે વર્ષથી સફળતાપૂર્વક ફરજ બજાવી રહેલા પોલીસ ઈન્સ્પેક્ટર (પી.આઈ.) એચ.વી. રાઠોડની બદલી 'સીટી સી' ડિવિઝન ખાતે થતાં ધ્રોલના પત્રકારો દ્વારા તેમનો વિદાય તથા સન્માન સમારંભ યોજાયો હતો. પોલીસ અને પત્રકારો વચ્ચેના મજબૂત સમન્વયના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રોલ ખાતેના પોતાના બે વર્ષના કાર્યકાળ દરમિયાન પી.આઈ. એચ.વી. રાઠોડે કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ જાળવણી સાથે લોકહિતના કાર્યોને પ્રાધાન્ય આપ્યું હતું. મીડિયા સાથે સતત રચનાત્મક સહયોગ જાળવી રાખવા બદલ ધ્રોલના પત્રકારોએ તેમને ખેસ પહેરાવી તથા પુસ્તક ભેટ આપીને વિશેષ બહુમાન કર્યું હતું અને આગામી ફરજ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ધ્રોલના પત્રકાર સંજય ડાંગર, પીઢ પત્રકાર હસુભાઈ કંસારા, રોહિત ગાંધી, અમિત કંસારા, જયેશભાઈ ભટ્ટ, હિરેનભાઈ પરમાર, ઉમેશભાઈ ચાવડા, રાજભા જાડેજા, ભગીરથસિંહ જાડેજા, કરણસિંહ જાડેજા તથા અશ્વિન આશા સહિતના તમામ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**જામનગર:** શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ (મુળ ગામઃ નિકાવા) અનંતરાય જુગતરામ ત્રિવેદી (કલુઅદા) તે સ્વ.જુગતરામ મુળશંકર તથા કુસુમબેનના પુત્ર, મિનાબેનના પતિ તથા ચિરાગભાઈ અને એકતાબેનના પિતાનું તા.૧૬-૮ના અવસાન થયું છે.

# ૧૪ રાજ્યોમાં ઓપરેશનમાં શહઝાદ ભટ્ટી નેટવર્ક સાથે સંકળાયેલા ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓ દ્વારા લેવામાં આવેલી મોટી કાર્યવાહીની માહિતી આપી



નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાનના શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે. તેમણે કહ્યું કે ૧૪ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલા સંકલિત ઓપરેશનમાં ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને આતંકવાદી હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવવામાં આવી હતી.

શાહે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે મોદી સરકારે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠન શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે અને વિનાશક હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી છે. ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર, ઓપરેશન દરમિયાન ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો,પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરી સાથે ચિહ્નિત ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત દારૂગોળો અને જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા સીસીટીવી કેમેરા મળી આવ્યા હતા. ગૃહમંત્રી શાહે કહ્યું કે આ રાષ્ટ્રવ્યાપી કાર્યવાહી આતંકવાદ સામે ભારતની "ઝીરો ટોલરન્સ" નીતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે નેટવર્ક અસંખ્ય આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતું.

દેશના અનેક ભાગોમાં ભટ્ટી સાથે જોડાયેલા મોડ્યુલોની ચાલી રહેલી તપાસ વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. ૨૫ જુલાઈના રોજ, આસામ પોલીસે જાહેરાત કરી હતી કે તેની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ધુબરી, ચિરાંગ અને બારપેટા પોલીસ સાથે મળીને પાકિસ્તાન સ્થિત નેટવર્ક સાથે જોડાયેલા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. ગુપ્ત માહિતીના આધારે ૨૪ જુલાઈના રોજ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે કામગીરી દરમિયાન પાંચ મોબાઈલ ફોન, સાત સિમ કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક, ડેબિટ કાર્ડ અને અન્ય દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

# ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં છેલ્લા ૪ મહિનામાં ૨૨ લોકોને પડી ફાંસીની સજા

## પશ્ચિમ ઉત્તર પ્રદેશના ન્યાયિક ઈતિહાસમાં એક દુર્લભ રેકોર્ડ

લખનૌ,
ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે ન્યાયનું એક એવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે જેણે દેશનું ધ્યાન ખેંચ્યું છે. એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન, માત્ર ચાર મહિનામાં, ન્યાયાધીશ દિવાકરની કોર્ટે કુલ ૨૨ ગુનેગારોને મૃત્યુદંડની સજા ફટકારી હતી, જેમાં જઘન્ય ગુનાઓ સાથે સંકળાયેલા ૧૦ અલગ અલગ કેસોમાં ટ્રાયલ પૂર્ણ કરવામાં આવી હતી. આટલા ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં ગંભીર ગુનેગારોને મૃત્યુદંડની સજા ફટકારવી એ પશ્ચિમ ઉત્તર પ્રદેશના ન્યાયિક ઈતિહાસમાં એક દુર્લભ રેકોર્ડ માનવામાં આવે છે. આ ઝડપી નિર્ણયોએ ન્યાયિક ઈતિહાસમાં માત્ર એક નવો રેકોર્ડ જ સ્થાપિત કર્યો નથી પરંતુ જઘન્ય ગુનાઓ કરનારાઓને સ્પષ્ટ સંદેશ પણ આપ્યો છે કે કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને સૌથી કઠોર સજાનો સામનો કરવો પડી શકે છે.

કોર્ટ દ્વારા આપવામાં આવેલી કડક મૃત્યુદંડની આ શ્રેણી ૬ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થઈ હતી. જિલ્લા સરકારી વકીલ કુલદીપ કુમારના જણાવ્યા અનુસાર, કોર્ટે પ્રખ્યાત વકીલ સમીર સફીના હત્યા કેસમાં પ્રથમ ત્રણ દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારથી, ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરની કોર્ટે ગંભીર ગુનાઓ સાથે સંકળાયેલા કેસોની ઝડપી સુનાવણી કરી છે, એક પછી એક કડક ચુકાદા આપ્યા છે.

એપ્રિલથી ઓગસ્ટ સુધી દર મહિને મૃત્યુદંડની સજા, ક્યારે શું થયું છેલ્લા ચાર મહિના દરમિયાન કોર્ટ દ્વારા આપવામાં આવેલા કઠોર ચુકાદાઓની વિગતો સમાચારમાં છેઃ એપ્રિલ ૨૦૨૬ઃ ૬ એપ્રિલના રોજ, સમીર સફી હત્યા કેસમાં ત્રણ દોષિતોને ફાંસી આપવામાં આવી હતી. ત્યારબાદ ૨૮ એપ્રિલના રોજ બીજા એક જઘન્ય કેસમાં ચાર દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

# ભારતમાં સમૃદ્ધિનો વિકાસ : ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા વધીને ૫૭૬ થઈ

## એક કરોડ કે તેથી વધુની આવક નોંધાવનારા કરદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો

નવીદિલ્હી,
ભારતમાં ઉચ્ચ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં ઝડપી વધારો જોવા મળી રહ્યો છે.એસબીઆઈ રિસર્ચના અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૬ માં ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુની વાર્ષિક આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યા ૩૯ ટકા વધીને ૫૭૬ થઈ ગઈ છે. એક વર્ષ અગાઉ, આકારણી વર્ષ ૨૦૨૫ માં, આ સંખ્યા ૪૧૫ હતી. આ વધારો દેશમાં વધતી આવક, વ્યવસાય વિસ્તરણ અને આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાનો સ્પષ્ટ સંકેત છે. અહેવાલ દર્શાવે છે કે માત્ર અતિ-ઉચ્ચ આવક જૂથ જ નહીં, પરંતુ ૧ કરોડ કે તેથી વધુની આવક નોંધાવનારા કરદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૬ માં આ શ્રેણીમાં કરદાતાઓની સંખ્યા વધીને ૫૩૫,૬૭૨ થઈ ગઈ છે, જે આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૭૧,૪૧૯ હતી. આ શ્રેણીમાં વાર્ષિક ધોરણે ૧૪% નો વધારો દર્શાવે છે.

અહેવાલ મુજબ, ટોચના આવક જૂથમાં વૃદ્ધિની ગતિ વ્યાપક ઉચ્ચ-આવક જૂથ કરતા ઘણી ઝડપી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધઘટ થઈ છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ફક્ત ૧૪૨ કરદાતાઓ હતા. ત્યારબાદ આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૩૦૧ થઈ ગઈ, જે ૧૧૨% નો મોટો વધારો દર્શાવે છે. જોકે, આકારણી વર્ષ ૨૦૨૪ માં, આ સંખ્યા થોડી ઘટીને ૨૮૪ થઈ ગઈ. જોકે, વૃદ્ધિ ફરી વધીને આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૧૫ અને આકારણી વર્ષ ૨૦૨૬ માં ૫૭૬ થઈ ગઈ. ૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ૧૯૩,૮૦૦ કરદાતાઓ હતા. આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૨૬૯,૧૮૪ થઈ ગઈ. આકારણી વર્ષ ૨૦૨૪ માં, તે ૩૪૯,૯૭૪ પર પહોંચી ગઈ. આકારણી વર્ષ ૨૦૨૫ માં, આ સંખ્યા ૪૭૧,૪૧૯ હતી. આકારણી વર્ષ ૨૦૨૬ માં, આ સંખ્યા વધીને ૫૩૫,૬૭૨ થઈ ગઈ. અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૨ ની તુલનામાં ૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા ચાર ગણી થઈ ગઈ છે. એસબીઆઈ રિસર્ચે તેના અહેવાલમાં ભારતીય અર્થતંત્ર માટે સકારાત્મક અંદાજો પણ વ્યક્ત કર્યા છે.

# નીતિન નવીનની નવી ટીમની જાહેરાત, ગુજરાતના પણ ૪ નેતાઓનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો

## ગુજરાતમાંથી જગદીશ પટેલ અને વર્ષાબેન દોશીને મહત્વની જવાબદારી સોંપવામાં આવી

અમદાવાદ,
ભાજપ પ્રમુખ નીતિન નવીનની નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમમાં રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વધુમાં રામ માધવને પણ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ બે સહિત કુલ ૧૩ નેતાઓને આ ભૂમિકા સોંપવામાં આવી છે. ભાજપ પ્રમુખ નીતિન નવીનની નવી ટીમની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી.



નવી રાષ્ટ્રીય ટીમમાં પાર્ટીએ રાજકીય વર્તુળોમાં લાંબા સમયથી ચર્ચાનો વિષય બનેલા અનેક નેતાઓને મુખ્ય જવાબદારીઓ સોંપી છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ ભાજપ સંગઠનમાં સ્થાન મળ્યું છે, તેમને રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતને પણ ભાજપ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને ઓડિશાના બૈજયંત જય પાંડાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાતમાંથી પણ ૪ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાંથી જગદીશ પટેલ અને વર્ષાબેન દોશીને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. વર્ષાબેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી છે, તો જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રીની જવાબદારી મળી છે. તો હેમાંગ જોશીને યુવા મોરચાના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

# ટ્રમ્પે અમેરિકન સૈન્યને દક્ષિણ કોરિયા સાથેની લશ્કરી કવાયત ઘટાડવાનો આદેશ આપ્યો

## ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણના યુએસ પ્રયાસોને સમર્થન આપવાનો ઈનકાર કરવા બદલ દક્ષિણ કોરિયાની ટીકા કરી

વોશિંગ્ટન,
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પેન્ટાગોનને દક્ષિણ કોરિયા સાથે આયોજિત સંયુક્ત લશ્કરી કવાયતોમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો આદેશ આપ્યો છે, જ્યારે વાર્ષિક કવાયત શરૂ થવાની હતી. ટ્રમ્પે આ નિર્ણયને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથેના તેમના સંબંધો સાથે જોડ્યો હતો અને ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણના યુએસ પ્રયાસોને સમર્થન આપવાનો ઈનકાર કરવા બદલ દક્ષિણ કોરિયાની પણ ટીકા કરી હતી.

આ જાહેરાત ૧૬ ઓગસ્ટ, રવિવારના રોજ ૧૧ દિવસની ઉલ્ચી ફ્રીડમ શીલ્ડ કવાયત પહેલા કરવામાં આવી હતી, જે ૧૭ ઓગસ્ટથી શરૂ થવાની હતી. આ કવાયતોમાં લગભગ ૧૮,૦૦૦ દક્ષિણ કોરિયન સૈનિકો ભાગ લે તેવી અપેક્ષા હતી, જે ઉત્તર કોરિયા તરફથી સંભવિત ખતરા સામે સાથી દેશોની તૈયારીને મજબૂત બનાવવા માટે રચાયેલ છે.

ટ્રમ્પે કહ્યું કે તેમણે યુદ્ધ સચિવ પીટ હેગસેથને સંયુક્ત કવાયતોમાં "નોંધપાત્ર ઘટાડો" કરવાનો નિર્દેશ આપ્યો છે, દલીલ કરી કે આ કવાયતો ખર્ચાળ છે અને ઉત્તર કોરિયાને અયોગ્ય સંકેત મોકલી શકે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કિમ જોંગ ઉન સાથેના તેમના સંબંધો તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે ઉત્તર કોરિયા તેમના રાષ્ટ્રપતિ દરમિયાન "બિન-ધમકીભર્યું અને આદરણીય" રહ્યું હતું. તેમણે એવી પણ દલીલ કરી હતી કે પ્યોંગયાંગ દ્વારા આ કવાયતોને પ્રતિકૂળ ગણી શકાય.

ટ્રમ્પે સ્વીકાર્યું કે કવાયતો પહેલાથી જ શરૂ થવાની હતી અને કહ્યું કે તેમને સંપૂર્ણપણે રદ કરવામાં મોડું થઈ ગયું છે. તેના બદલે, તેમણે પેન્ટાગોનને તેમને પાછા ખેંચવાનો નિર્દેશ આપ્યો. ટ્રમ્પે આ પગલા માટે તેમના સ્પષ્ટીકરણમાં ઈરાન પર દક્ષિણ કોરિયાના વલણને પણ સામેલ કર્યું.

# કેન્દ્રીય મંત્રીમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે : રામદાસ આઠવલે

## મહારાષ્ટ્રના ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ મંત્રી બનશે

નાગપુર,
કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આજે નાગપુરમાં જાહેરાત કરી કે કેન્દ્રીય મંત્રીમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે. મહારાષ્ટ્રના ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ મંત્રી બનશે. આઠવલેએ કહ્યું કે શરદ પવારે દ્ગદ્ઘછમાં જોડાવું જોઈએ, અને જો શરદ પવાર જોડાતા નથી, તો તેમના આઠ સાંસદોએ જોડાવું જોઈએ.

કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આજે નાગપુરમાં એક પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કોંગ્રેસે ક્યારેય મુખ્યમંત્રી બનાવ્યા નથી. તેઓ અનુસૂચિત જાતિના છે, તેથી જ કદાચ કોંગ્રેસે તેમને ક્યારેય મુખ્યમંત્રી બનાવ્યા નથી.

કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણ વિશે બોલતા આઠવલેએ કહ્યું કે મંત્રીમંડળનું વિસ્તરણ ખૂબ જ ટૂંક સમયમાં કરવામાં આવશે. ઘણા નામો પર વિચાર થઈ શકે છે. ભાજપના કેટલાક મંત્રીઓની નિમણૂક કરવામાં આવશે, અને કેટલાક રાષ્ટ્રવાદી પક્ષના પણ નિમણૂક કરવામાં આવશે.

આઠવલેએ કહ્યું કે જ્યારે શરદ પવારની પાર્ટી અમારી સાથે જોડાશે કે નહીં તે સ્પષ્ટ નથી, ત્યારે શરદ પવારે એનડીએમાં જોડાવું જોઈએ. જો જ્યોર્જ ફર્નાન્ડિસ જોડાઈ શકે છે, તો તમે કેમ નહીં? તમારે દેશના વિકાસ માટે જોડાવું જોઈએ.

# બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન ભારતની સત્તાવાર મુલાકાતે આવે તેવી શક્યતા

## શેખ હસીનાના ભારત વિશેના જાહેર નિવેદનોથી ઉદ્ભવેલા તાજેતરના રાજદ્વારી તણાવ વચ્ચે આ પ્રસ્તાવિત મુલાકાત બનશે મહત્વપૂર્ણ

ઢાકા,
ધ ડેઈલી સ્ટારે રાજદ્વારી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન ૨૦ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટની વચ્ચે ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત લઈ શકે છે. જોકે, ઢાકા અને નવી દિલ્હી હજુ પણ તારિક રહેમાનની મુલાકાતની તારીખ અંગે વાટાઘાટો કરી રહ્યા છે. ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું છે કે પ્રસ્તાવિત મુલાકાત પર વિચારણા કરવામાં આવી રહી છે કારણ કે બંને પક્ષો દ્વિપક્ષીય બેઠક યોજવા માટે ઉત્સુક હતા. જો કે, અત્યાર સુધી, બેઠકનું સમયપત્રક નક્કી કરવામાં મુશ્કેલીઓ આવી છે. નવી દિલ્હીમાં એક રાજદ્વારી સૂત્રએ ડેઈલી સ્ટારને જણાવ્યું હતું કે, "બંને પક્ષો દ્વિપક્ષીય મુલાકાત માટે ઉત્સુક હતા, પરંતુ સમયપત્રક એક મુદ્દો હતો. વિવિધ સમયપત્રક પર વિચાર કર્યા પછી, બંને દેશોના ટોચના અધિકારીઓ ૨૦ થી ૨૫ ઓગસ્ટ વચ્ચેની તારીખો પર સંમત થવાની નજીક છે." સૂત્રને ટાંકીને, ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો છે કે હાલમાં બે સંભવિત તારીખો પર વિચારણા કરવામાં આવી રહી છેઃ ૨૦-૨૧ ઓગસ્ટ અને ૨૧-૨૨ ઓગસ્ટ. સૂત્રએ ઉમેર્યું હતું કે ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદી ઢાકામાં પોતાનું કામ ફરી શરૂ કરે તે પછી અંતિમ તારીખો નક્કી થવાની અપેક્ષા છે. જોકે, વિદેશ મંત્રાલય તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.આ વિકાસ બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ ૧૧ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે રૂબરૂ મુલાકાત કર્યા પછી થયો છે. હાઈ કમિશનરે એક દિવસ પહેલા ઢાકામાં રહેમાન સાથે મુલાકાત કરી હતી.


# યુજીસી એનઈટીની ત્રણ પરીક્ષાઓ રદ કરવા બદલ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારની ટીકા કરી

## એનટીએએ બે મહિના પછી પેપરો રદ કર્યા, દેશમાં શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ

નવીદિલ્હી,
લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ યુજીસી એનઈટીની ત્રણ પરીક્ષાઓ રદ કરવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે એનટીએએ બે મહિના પછી પેપરો રદ કર્યા. દેશમાં શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. મોદી સરકારની જેમ,એનટીએ પણ પોતાની ભૂલો સ્વીકારવાનો ઈનકાર કરે છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર કહ્યું, "મોદીજી, જુઓ તમારા એનટીએએ હમણાં શું કર્યું છે. સમાજશાસ્ત્ર, અંગ્રેજી અને વાણિજ્ય માટે યુજીસી એનઈટી પરીક્ષાઓ ૨૨ થી ૩૦ જૂન દરમિયાન યોજાઈ હતી. લગભગ બે મહિના પછી, NTA એ ત્રણેય પરીક્ષાઓ રદ કરી કારણ કે તેમાં ખોટા પેપર સેટ કરવામાં આવ્યા હતા અને જૂના પ્રશ્નોનું પુનરાવર્તન થયું હતું.

હજારો ઉમેદવારો જેમણે વર્ષોથી તૈયારી કરી, ફોર્મ ભર્યા, ફી ભરી અને દૂરના કેન્દ્રોમાં મુસાફરી કરી, તેમને હવે સપ્ટેમ્બરમાં ફરીથી આ બધું કરવું પડશે.એનટીએ ભૂલો કરે છે, પરંતુ વિદ્યાર્થીઓને તેના પરિણામો ભોગવવા પડે છે. મેં કોટા, દેહરાદૂન અને પ્રયાગરાજમાં આ કહ્યું હતું, અને હું તે કહેતો રહીશ. આ હવે શિક્ષણ પ્રણાલી નથી. તે એક 'નિષ્કર્ષણ મશીન' છે. તે



તમારા પૈસા, તમારા વર્ષો, તમારું માનસિક સ્વાસ્થ્ય અને તમારો આત્મવિશ્વાસ લે છે અને બદલામાં તમને કંઈ આપતું નથી. નોકરી પણ નહીં.એનટીએ હજુ પણ વાસ્તવિક પ્રશ્નનો જવાબ આપશે નહીં. શું આ પેપર્સ પરીક્ષા પહેલા લીક થયા હતા?" મોદી સરકારના અન્ય તમામ વિભાગોની જેમ,એનટીએ ક્યારેય પોતાની ભૂલ સ્વીકારતું નથી. બીજી બધી ભૂલભરેલી પરીક્ષાઓની જેમ, મને વિશ્વાસ છે કે આ માટે કોઈને જવાબદાર ઠેરવવામાં આવશે નહીં. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પહેલું પગલું હતું, છેલ્લું નહીં. એનટીએ નેતૃત્વને પણ જવાબદાર ઠેરવવું જોઈએ.

રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓને કહ્યું કે પીએમ મોદીએ એક એવી સિસ્ટમ બનાવી છે જે પરીક્ષાઓ યોગ્ય રીતે લઈ શકતી નથી અને પછી તેમને આપનારા વિદ્યાર્થીઓ પર દોષારોપણ કરે છે. તમારા વર્ષો ચોરાઈ રહ્યા છે, અને જ્યાં સુધી પીએમ મોદી જવાબ ન આપે ત્યાં સુધી અમે રોકાઈશું નહીં. એનટીએને ફરી એકવાર શરમનો સામનો કરવો પડ્યો છે.

# હિમાચલમાં વરસાદના કારણે ૧૧૦ રસ્તા અને ૯૧ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર બંધ

## રાજ્યમાં રસ્તા, વીજળી અને પીવાના પાણીની પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ : ૯૭૩.૧૬ કરોડનું નુકસાન

શિમલા,
હિમાચલ પ્રદેશમાં ચોમાસાના વરસાદની અસર સતત વધી રહી છે. વરસાદ અને પ્રતિકૂળ હવામાનને કારણે રાજ્યના ઘણા ભાગોમાં રસ્તા, વીજળી અને પીવાના પાણીની પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ૧૭ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, રાજ્યભરમાં ૧૧૦ રસ્તા બંધ, ૯૧ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર બંધ અને ૨૧૭ પીવાના પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ હતી. પાછલી સાંજના અહેવાલમાં ૧૦૯ રસ્તા, સાત ડ્ઢઈ અને ૨૧૬ પીવાના પાણીની યોજનાઓને અસરગ્રસ્ત તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી હતી.

વરસાદને કારણે મંડી જિલ્લામાં રોડ નેટવર્કને સૌથી વધુ અસર થઈ છે, જેમાં ૩૯ રસ્તા બંધ છે. આમાં સરાજ સબડિવિઝનમાં ૨૫, થલૌતમાં પાંચ, સુંદરનગર અને જોગીન્દરનગરમાં એક-એક, પધારમાં સાત અને સરકાઘાટમાં બે રસ્તાઓનો સમાવેશ થાય છે. કુલ્લુ જિલ્લામાં તેત્રીસ રસ્તા બંધ છે. બંજરમાં બાર રસ્તા, કુલ્લુમાં આઠ, અનીમાં પાંચ અને નિર્મંદમાં આઠ રસ્તા પ્રભાવિત થયા છે, જેના કારણે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં ટ્રાફિક પ્રભાવિત થયો છે.

ચંબા જિલ્લામાં કુલ ૧૨ રસ્તા બંધ છે, જેમાં ડેલહાઉસીમાં એક, ભરમૌરમાં બે, સલુનીમાં ત્રણ, પાંગીમાં એક અને ભાટિયાટમાં પાંચ રસ્તા બંધ છે. શિમલા જિલ્લામાં નવ રસ્તા બંધ છે, જેમાં રામપુરમાં સાત, ચૌપાલમાં એક અને સુન્નીમાં એક રસ્તા બંધ છે. સિરમૌરમાં, નાહનમાં બે, સંગ્રાહમાં ત્રણ અને રાજગઢમાં એક રસ્તા બંધ હોવાનું જાણવા મળે છે. કાંગડામાં છ, ઉનામાં ચાર અને લાહૌલ-સ્પિતિમાં એક રસ્તા બંધ છે. રિપોર્ટિંગ સમયે, કિન્નૌર, હમીરપુર અને બિલાસપુરમાં કોઈ રસ્તા બંધ થયાના અહેવાલ મળ્યા નથી.

વરસાદની અસર ફક્ત રોડ નેટવર્ક સુધી મર્યાદિત નથી. રાજ્યમાં ૯૧ DTR (પાવર ટ્રાન્સફોર્મર) બંધ છે. વધુમાં, ૨૧૭ પીવાના પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ છે. રિપોર્ટમાં વીજળી અને પીવાના પાણીની વ્યવસ્થા પર અસર અંગે જિલ્લા સ્તરનો ડેટા પણ નોંધવામાં આવ્યો છે. મંડીમાં સૌથી વધુ વીજ પુરવઠો વિક્ષેપિત થયો છે, જેમાં ૨૮ ડીટીઆર વિક્ષેપિત થયા છે. શિમલામાં ૨૨ અને સિરમૌરમાં ૪૧. ઘણા જિલ્લાઓમાં પીવાના પાણીની યોજનાઓમાં વિક્ષેપ પણ નોંધાયા છે.

૧૬ ઓગસ્ટ સુધીના સંચિત ચોમાસા અહેવાલ મુજબ, રાજ્યમાં કુદરતી આફતોને કારણે ૭૯ મૃત્યુ નોંધાયા છે. આમાં ભૂસ્ખલન, પૂર, ડૂબવું, વીજળી પડવી, આગ, સાપ કરડવા, ઝાડ અથવા ખડકો પરથી પડી જવા અને અન્ય કારણોનો સમાવેશ થાય છે.

# શ્રાવણના પ્રથમ સોમવારે જામનગરના શિવમંદિરોમાં અન્નકૂટ, શણગારના અલૌકિક દર્શન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે છોટીકાશી જામનગરના શિવાલયોમાં મોડી રાત સુધી ભક્તોની ભારે ભીડ જામી હતી. પ્રથમ સોમવારે પ્રાચીન શિવમંદિરોમાં વિવિધ શણગાર અને અલૌકિક દર્શનનું આયોજન કરાયું હતું. જેના દર્શન થકી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. શહેરના ગાંધીનગર સ્થિત શ્રી ઇચ્છેશ્વર મહાદેવ મંદિરે ગણપતિ સ્વરૂપ નટરાજના ભવ્ય દર્શન યોજાયા હતા. જ્યારે બેડેશ્વર ખાતે શ્રી બેડેશ્વર મહાદેવ મંદિરે મહાકાલેશ્વરાય ચાંદી સ્વરૂપની ઝાંખી સાથેના અલૌકિક દર્શન યોજાયા હતા. આ ઉપરાંત પંચેશ્વર ટાવર નજીક આવેલા શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિરે મનમોહક ફૂલો અને રોશનીનો શણગાર કરાયો હતો. તેમજ શ્રી ગૌરીશંકર મહાદેવ તથા શ્રી ભીમાશંકર મહાદેવ મંદિરે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વિવિધ અલૌકિક શણગારના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા.

## જામજોધપુના જશાપર ગામે કોપર વાયર ચોરી કરનાર ચાર તસ્કરો ઝડપાયા, ૬ની શોધખોળ

### ચોરાઉ મુદ્દામાલ વેંચવા પહોંચતા જ એલસીબીએ દબોચી લીધા : રૂ. ૧૬.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે

જામનગર : જામનગર જિલ્લાના શેઠવડાળા નજીકના જશાપર ગામની સીમમાં પવનચક્કીની સાઈટ પરથી થયેલી કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલવામાં એલસીબી સફળ થઈ છે. પોલીસે કોપર વાયર, રિક્ષા, કાર, મોબાઈલ સહિત રૂ. ૧૬.૫૪ લાખના મુદ્દામાલ સાથે ચાર શખ્સોને પકડી પાડયા હતા. જ્યારે હજુ પણ ૬ શખ્સો ફરાર હોવાનું નોંધાયું છે.



તસવીર: સુનિલ ચુડાસમા

સુઝલોન રીન્યુએબલ ડેવલપમેન્ટ કંપની દ્વારા શેઠવડાળાથી જશાપર ગામ તરફ જતા રસ્તે પવનચક્કીના ટાવર લોકેશન નંબર ૫૦૫ પાસે માલસામાન રાખવા માટે મૂકેલા કન્ટેનરનું તાળુ તોડી રૂ.૧૦,૮૪ લાખની કિંમતના ૩૭૪ મીટર વાયરની ચોરી થઈ હતી. આરોપીઓ મુદામાલ મહાકાળી સર્કલ પાસે ભંગારના ડેલામાં વેંચવા આવતા પોલીસે બાલા અમરશીભાઈ વાઘેલા (રહે. લતીપર રોડ,ધ્રોલ), જસરાજ ઉર્ફે જગદીશ ઘેલાભાઈ માતંગ (રહે. બેડ), શનિ પ્રેમજીભાઈ પરમાર (રહે.સિક્કા) અને વિપુલ રમેશભાઈ રાઠોડ (રહે.ખોડીયાર કોલોની મયુરનગર પ્રજાપતિની વાડી પાસે શેરી નંબર-૧) ને પકડી પાડયા હતા. પોલીસે રૂ.૧૦.૭૩ લાખનો ૪૮૮ કિલો કોપર વાયર, તણી, ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ રીક્ષા, કાર, ૪ મોબાઈલ સહિત રૂ.૧૬.૫૪ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.

તપાસમાં ધીરુ મનજી સોલંકી (રહે.સિકકા પાટીયા), સંજય જેન્તીભાઈ દેવીપુજક (રહે.સિકકા), અજય સોલંકી (રહે.હાલ સિકકા મુળ ધોરજી જી.રાજકોટ), પ્રવિણ ઉર્ફે કરીમો ગોવિંદભાઈ વાઘેલા (ગુલાબનગર), કિશોર બચુભાઈ સોલંકી (રહે.સિકકા), અને સુનીલ કિશોરભાઈ સોલંકી (રહે.સિકકા) ની સંડોવણી સામે આવતા તેને ફરાર જાહેર કરી તપાસ હાથ ધરી છે.

આરોપી વિપુલ મેઘપર, લાલપુર, શેઠવડાળાં સહિતના પોલીસ મથકમાં ૭ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જ્યારે આરોપી બાલા સામે ધ્રોલ અને રાજકોટ પોલીસ મથકમાં ૪ ગુના નોંધાઈ ચૂક્યા છે. તેમજ આરોપી શનિ પ્રેમજીભાઈ પરમાર પણ ૩ વખત અને આરોપી જસરાજ ઉર્ફે જગદીશ ૪ વખત પોલીસ ચોપડે ચડયો છે.

## ધ્રોલ નજીક કારમાંથી દારૂ-બિયરનો જથ્થો મળી આવતા બે શખ્સોની અટકાયત

### ૧૩૨ નંગ બિયરના ટીન અને ૯૬ બોટલ દારૂ સહિત રૂ. ૨.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : દારૂબંધીના દાવા વચ્ચે જામનગર જિલ્લામાંથી વધુ એક વખત દારૂ પકડાયો છે. જામનગર-રાજકોટ હાઈવે પર ધ્રોલ નજીક એલ.સી.બી.એ બાતમીના આધારે રેડ પાડી એક કારમાંથી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂ.૨,૩૭,૮૮૫નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મળતી માહિતી મુજબ એલ.સી.બી.ની ટીમેં બાતમીના આધારે જામનગર નજીકના ધ્રોલ પાસે જી.જે.૦૧-કેઆર-૨૪૯૬ નંબરની અલ્ટ્રો કારને અટકાવી તલાશી લેતા કારમાંથી ૧૧ હજાર ઉપરાંતની અલગ-અલગ બ્રાન્ડની દારૂની ૯૬ બોટલ અને બીયરના ૧૩૨ ટીન કિંમત રૂ.૧૬,૯૦૫નો જથ્થો પકડાયો હતો. પોલીસે કારમાં સવાર કાંતિભાઈ રમેશભાઈ ભુરીયા (રહે. સંદાગામ, તા. ભાભરા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને રૂપસિંગ પાંગલીયાભાઈ સીંગાડીયા (રહે. ખંભાલીડા, તા. ધ્રોલ, મૂળ એરણગામ, તા. ભાભરા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડી રૂ.૧૦ હજારના બે મોબાઈલ ફોન તથા રૂ.૨ લાખની અલ્ટ્રો કાર સહિત કુલ રૂ.૨,૩૭,૮૮૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂ-બીયરનો જથ્થો મંગાવનાર રીવાભાઈ સોમલાભાઈ ગણાવાને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ટ્રેક્ટરમાં ખોટી નંબર પ્લેટ લગાડી મોરઝર ગામ પાસે રેતીનું ગેરકાયદે પરિવહન કરતા ચાલકની અટકાયત

ખંભાળિયા : ભાણવડ તાબેના મોરઝર પાસેથી ગેરકાયદેસર રીતે ટ્રેકટરમાં રેતી ભરી લઈ જતા ચાલકને પોલીસે અટકાવી દસ્તાવેજ ચેક કરતા ટ્રેકટરમાં ખોટી નંબર પ્લેટ લગાડેલ હોવાનું ખુલતા અને તેનો છેતરપિંડી કરવાના ઈરાદે ખરા તરીકે ઉપયોગ કરતા તેની સામે પોલીસે ગુન્હો નોંધી આગળની તપાસ ચલાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના મોરઝરથી નવાગામ તરફ જતા રોડ પર પ્રવિણ બચુભાઈ ચુનારા નામનો શખ્સ પોતાના ટ્રેકટરમાં ગેરકાયદેસર રીતે રેતી ભરી નીકળેલ જેને અટકાવી પોલીસે તલાસી લેતા પોતાની પાસે લાઈસન્સ પણ ન હોઈ તેમજ ટ્રેકટરમાં આગળ જી. જે. ૧૦. ટી. વાય. ૪૧૨૦ અને પાછળ જી. જે. ૧૧. વી. વી. ૫૮૨૫ વાળી છેતરપિંડી કરવાના ઈરાદે ખોટી નંબર પ્લેટ લગાડી તેનો ખરા તરીકે ઉપયોગ કરી અને સાચા નંબર ટ્રેકટરના ટુલ બોક્ષમાંથી મળી આવતા પોલીસે તેની અટકાયત કરી રૂ. ૩ લાખની કિંમતનું ટ્રેકટર કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જામનગરમાં પોલીસની કસ્ટડીમાંથી આરોપી ફરાર

### ફોટા-ફિંગરપ્રિન્ટ કરાવવા લઈ જવાતો આરોપી ચાલતી બાઈકમાંથી ઉતરી સાગરીતની હોન્ડા પર બેસી નાસી ગયો

જામનગર : જામનગરમાં પોલીસની કસ્ટડીમાંથી એક આરોપી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ છે. શહેરના સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં ઝડપાયેલા એક આરોપીને ફોટા તથા ફિંગરપ્રિન્ટ લેવડાવવા માટે ફરજ પરના હોમગાર્ડ શહેરના બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી પરત લાવવામાં આવી રહ્યો હતો ત્યારે એમ.પી. શાહ કોલેજના ખૂણે વાહનો વચ્ચે આવતાં પોલીસ કર્મીની એક્સેસ ધીમી પડી હતી. આ તકનો લાભ લઈ આરોપી ચાલુ વાહનમાંથી નીચે ઉતરી ગયો હતો અને પાછળથી હોન્ડા લઈને આવી રહેલા એક શખ્સની બાઇક પર બેસી ફરાર થઈ ગયો હતો.


પ્રાપ્ત વિગત મુજબ, તા. ૧૪ ઓગસ્ટના રોજ શહેરના સિટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ધીરજલાલ ત્રિવેદીને આરોપી મીત ઉર્ફે મિતેષ ઉર્ફે મીતલો સુનીલભાઈ બારીયાને ફોટા તથા ફિંગરપ્રિન્ટ લેવડાવવા માટે લઈ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આરોપીને એક્સેસ પર પાછળ બેસાડી શહેરના બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લઈ જવાયો હતો, જ્યાં ફોટા અને ફિંગરપ્રિન્ટની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

આ દરમિયાન એક શખ્સ હોન્ડા લઈને ત્યાં આવ્યો હતો અને આરોપીને મસાલો આપવાનો પ્રયાસ કરતાં હોમગાર્ડે તેને અટકાવ્યો હતો. તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ પ્રકાશ ઉર્ફે પકો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તે હોન્ડા લઈને ત્યાંથી નીકળી ગયો હતો. આરોપીને લઈને હોમગાર્ડ ગુરુદ્વારા તરફના રસ્તે થઈ સાત રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે આ હોન્ડા ચાલક પાછળથી તેમનો પીછો કરતો હતો અને એમ.પી. શાહ કોલેજના ખૂણે બેટરીવાળા રસ્તા પાસે બે-ત્રણ વાહનો વચ્ચે આવતાં હોમગાર્ડે એક્સેસ ધીમી કરી હતી.

આ તકનો લાભ લઈ મીત ચાલુ વાહનમાંથી નીચે ઉતરી ગયો હતો અને પાછળથી આવી રહેલા પ્રકાશ ઉર્ફે પકોની હોન્ડા પર બેસી ગયો હતો. બંને પુલ પર ચઢી નાગનાથ ગેઈટ તરફ નાસી ગયા હતા. બનાવની જાણ થતાં ફરજ પરના અધિકારીને તાત્કાલિક ફોન કરી જાણ કરવામાં આવી હતી અને સમગ્ર પોલીસ તંત્રને એલર્ટ કરવામાં આવ્યું હતું.

વધુમાં આરોપી મીત તથા તેને નાસી જવામાં મદદ કરનાર પ્રકાશ ઉર્ફે પકો સહિત અગાઉથી આયોજન કરી ગુનામાં મદદગારી કરનાર તેમજ તપાસ દરમિયાન ખુલાસો થાય તેવા અન્ય શખ્સો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

## જામનગરમાં રણમલ તળાવ પાસે બેકાબૂ થાર કર ડિવાઈડર કૂદી ગઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં રણમલ તળાવની પાળે પાછળના ભાગ નજીક મુખ્ય માર્ગ પર સોમવારની રાત્રે એક થાર જીપનો ચાલક બેકાબૂ બનતાં અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે દોડતી થાર જીપ રસ્તાના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ ડિવાઈડર કુદાવી સામેની બાજુ મહાનગર પાલિકા દ્વારા મુકાયેલી તોપ સાથે ના સર્કલમાં જઈને અટકી હતી. અકસ્માતના પગલે મહાનગરપાલિકાની મિલકતને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

સદનસીબે અકસ્માત સમયે કોઈ જાનહાનિ થઈ ન હતી, અને થાર ચાલક પણ સમયસર વાહનમાંથી બહાર નીકળી ગયો હતો. સોમવારની રાત્રે આ વિસ્તાર સઘન અવરજવરવાળો હોવાથી અકસ્માતને પગલે આસપાસના લોકોમાં ફફડાટ ફેલાયો હતો અને ઘટનાસ્થળે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. બનાવની જાણ થતાં સિટી 'એ' ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે થાર ચાલક સામે નિયમ મુજબ કાર્યવાહી કરવાની દિશામાં તપાસ શરૂ કરી છે.

## જામનગરમાં રામેશ્વર મહાદેવ મંદિરમાં ૧૨ જ્યોતિલિંગના દર્શનની ઝાંખી

જામનગર : જામનગર શહેરમાં ધનબાઈના ડેલા પાસે આવેલી ચારણફળી ખાતે છેલ્લા ૨૭ વર્ષથી શ્રી ખીમા મામાં યુવક મિત્ર મંડળ દ્વારા શ્રાવણ માસ દરમિયાન અનોખી ધાર્મિક પરંપરા જાળવી રાખવામાં આવી રહી છે. શ્રાવણ મહિનાના દરેક સોમવારે રામેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન ભોળાનાથને વિવિધ પ્રકારના આકર્ષક શણગાર કરવામાં આવે છે.

ગઈકાલે શ્રાવણ માસના પવિત્ર સોમવાર નિમિત્તે રામેશ્વર મહાદેવ મંદિરમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં બાર જ્યોર્તિલિંગની સુંદર પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવી, જેના દર્શન માટે સ્થાનિક વિસ્તાર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી




તસવીર: સુનિલ ચુડાસમા

સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

બારેય જ્યોર્તિલિંગના દર્શન કરી ભક્તોએ ધન્યતા અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો. મંદિર પરિસરમાં સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

શ્રી ખીમા મામાં યુવક મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૭ વર્ષથી કરવામાં આવતી આ ધાર્મિક પ્રવૃત્તિ માત્ર શ્રદ્ધા અને આસ્થાનું પ્રતિક જ નહી, પરંતુ નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાઓ સાથે જોડવાનું સુંદર કાર્ય પણ છે.

## દ્વારકા તાલુકા વિસ્તારમાં જુગાર રમતા વધુ ૧૮ શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા તાલુકામાં ત્રણ જગ્યાએ પોલીસે જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં ૧૮ શખ્સને ઝડપી લઇ સ્થળપરથી કુલમળી રૂ. ૮૫ હજારની મતા કબ્જે લઈ તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત પ્રમાણે દ્વારકા તાલુકાના બરડીયા ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સરોવર સીદાભાઈ શેખ, જીકર સતારભાઈ શેખ, સુલતાન આમદભાઈ મેરીયા, રસુલ હમીરભાઈ શેખ, હબીબ નુરમામદ બોલીમ, લખમણ રાજુભાઈ સોલંકી, હાજી ભીખુભાઈ ભીખલાણી અને અલ્તાફ જુસબભાઈ શેખ નામના ૮ શખ્સને દરોડા દરમિયાન દ્વારકા પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૬૬૫૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૫ હજારની કિંમતના આઠ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૫૧૬૫૦ ની મતા કબ્જે કરી હતી.

જ્યારે દ્વારકા તાલુકાના વરવાળા ગામે વાડી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પ્રિયાંશુ ભાર્ગવભાઈ ઉપાધ્યાય, રાજેશ ભગવાનજીભાઇ બારાઈ, કિશોર શંકરનાથ ગોસાઈ, કૈલાશગીરી કાંતિગીરી ગોસાઈ, અલ્પેશ વસંતભાઈ દવે, ઉમેશ હરિભાઈ અને રાજેન્દ્રસિંહ નવલસિંહ જાડેજા નામના ૭ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૧૫૪૪૦ ની રોકડ રકમ તથા રૂ. ૫૫૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૦૯૪૦ ની મતા સાથે ઝડપી લીધા હતા.

ઉપરાંત દ્વારકા તાલુકાના શિવરાજપુર ગામે રજવાડુ હોટલ પાછળ જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કિશોરસિંહ બચુભાઈ ઝાલા, કિશનભા કારાભા ચમડિયા અને જીતેશભા લુણાભા નાયાણી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૧૨૪૬૦ ની મતા કબ્જે કરી હતી.

## કાનાલુસમાં રહસ્યમય સંજોગોમાં શ્રમિક યુવાને ગળેફાંસો ખાઈ લીધો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાલુસ ગામની સીમમાં એલ.સી.-૮ બહાર આવેલા ટ્રાન્ઝીટ કેમ્પ નજીકના ખાલી રૂમમાં એક પરપ્રાંતીય શ્રમિક યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

મળતી વિગત મુજબ મૂળ બિહારના રહેવાસી અને હાલ કાનાલુસ સીમમાં મજૂરી કામ કરતા રિતિકકુમાર સુભાષ મંડલ નામના ૨૧ વર્ષીય યુવાને ટ્રાન્ઝીટ કેમ્પની બાજુમાં આવેલા ખાલી રૂમમાં ગયો હતો. દરમિયાન તેણે રૂમમાં લોખંડના એન્ગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં મેઘપર પોલીસ સ્ટેશન ના એ. એસ.આઈ. વી.સી.જાડેજા સ્થળ પર પહોંચી ગયા હતા. આ અંગે રાજુકુમાર ઈન્દલ પાન્ડેની જાણ પરથી મેઘપર (પડાણા) પોલીસે અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે. બનાવ અંગેની વધુ તપાસ એએસઆઈ વી.સી. જાડેજા ચલાવી રહ્યા છે.

## ખંભાળિયામાં દુકાને ચટણી લેવા આવેલ ગ્રાહક રૂપિયા ૧૦ હજાર બઠવી ગયો

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં જોધપર નાકા પાસે આવેલ દુકાનમાંથી એક શખ્સ કાઉન્ટરનું ખાનું ખોલી તેમાંથી રોકડ રકમની ઉઠાંતરી કરી લઈ જતા દુકાનદારે ફરિયાદ નોંધાવતા પોલીસે સ્થળપર દોડી જઈ તપાસ આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયામાં ધરમબાગ સોસાયટી ખાતે રહેતા જતીનભાઈ કનૈયાલાલ કાનાણીની અત્રે જોધપર નાકા પાસે કાનાણી એન્ટરપ્રાઈઝ નામની દુકાન આવેલ હોય જ્યાં ગત તા. ૧૬ ના રોજ અત્રે રાજપુત સમાજ સામે રહેતો મહેશભાઈ માલદેભાઈ અસ્વાર નામનો શખ્સ તેઓની દુકાને ચટણી લેવાના બહાને આવી કાઉન્ટરમાં રાખેલ આશરે રૂપિયા ૧૦ હજારની રોકડ રકમની ચોરી કરી લઈ જતા સચિન ભાઈ કાનાણી દ્વારા ખંભાળિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પી.એસ.આઇ. જે.ટી. ચાવડા આગળની તપાસ ચલાવી રહ્યા છે.